RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 197* Date: 15.05.2021 Saturday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### છેલ્લા ૨૪ કલાકમાં નવા ૩.૪૩ લાખ કેસ નોંધાયા, ૪૦૦૦ દર્દીના મોત

# દેશમાં કોરોનાના દૈનિક કેસ ઘટ્યા પરંતુ મૃત્યુઆંક ડરામણો



ન્યુ દિલ્હી,તા.૧૪

દેશમાં કોરોનાની બીજી લહેરનો કહેર યથાવત જોવા મળી રહ્યો છે. જો કે છેલ્લા કેટલાક દિવસોથી કોરોનાના નવા કેસોમાં થોડી કમી જરૂર આવી છે. ૨૪ કલાકમાં કોરોનાના ૩.૪૩ લાખ નવા પોઝિટિવ કેસ નોંધાયા છે. જે હાલના થોડા દિવસો કરતાં થોડા ઓછા છે. જો કે મોટી ચિંતા એ વાતની છે કે, મોતનો આંકડો હજુ પણ ૪ હજારની આસપાસ જ જોવા મળી રહ્યો છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના ૩,૪૩,૧૪૪ નવા કેસ સામે આવ્યાં છે. જ્યારે વધુ ૪૦૦૦ દર્દીઓએ પોતાનો જીવ ગુમાવ્યો છે. નવા કેસો ઉમેરાવાની સાથે જ દેશમાં કોરોના સંક્રમિતોનો કુલ આંકડો વધીને ૨,૪૦,૪૬,૮૦૯ પર પહોંચી ચૂક્યો છે. જેમાંથી ૨ કરોડથી વધુ લોકો સ્વસ્થ થઈ ચૂક્યાં છે.

જો કે રાહતની વાત એ રહી કે, ૩,૪૪,૫૭૦ દર્દીઓ કોરોનાને માત આપવામાં સફળ રહ્યાં છે. આ મહિને આવું ત્રીજી વખત થયું છે, જ્યારે નવા દર્દીઓની તુલનામાં વધુ દર્દીઓ સ્વસ્થ થયા હોય. અગાઉ ૪ દિવસ પહેલા ૧૦મીં મેના રોજ ૩.૨૯ લાખ નવા કેસ સામે ૩.૫૫ લાખ દર્દીઓ સ્વસ્થ થયા હતા. બીજા દિવસે ૧૧મીં મેના રોજ ૩.૪૮ લાખ નવા કેસ સામે ૩.૫૫ લાખ દર્દીઓ રિકવર થયા હતા.

દેશમાં કોરોનાથી સૌથી વધુ પ્રભાવિત મહારાષ્ટ્રમાં કોરોનાના નવા કેસોમાં કમી

### દેશમાં બે કરોડ લોકો કોરોનાથી સ્વસ્થ થયા, ૩.૪૩ લાખ પોઝિટિવ દર્દી સામે ૩.૪૪ લાખ સાજા થયા

જોવી મળી રહી છે. મહારાષ્ટ્રમાં એક દિવસમાં ૪૨ હજાર જેટલા નવા કેસ નોંધાયા છે, જ્યારે ૮૫૦ના મરણ નોંધાયા છે. જો કે રાજ્યમાં હજુ પણ ૫.૩૩ લાખ એક્ટિવ કેસો છે. હાલ રાજ્યમાં લૉકડાઉન લંબાવવામાં આવ્યું છે.

રાજધાની દિલ્હીમાં એક જ દિવસમાં ૧૦ હજાર કરતાં વધુ નવા કેસ નોંધાયા છે. જ્યારે ૩૦૮ના મોત થયા છે. દિલ્હીમાં હાલ એક્ટિવ કેસોની સંખ્યા ૮૦ હજારથી ઓછી થઈ ગઈ છે, જ્યારે રાજ્ય સરકારના મતે ઑક્સિજનનો વપરાસ પણ ઘટ્યો છે.

જો ઉત્તર પ્રદેશની વાત કરીએ તો, અહીં છેલ્લા ૨૪ કલાકમાં ૧૭ હજાર જેટલા નવા કેસ સામે આવ્યાં છે. જ્યારે ૨૭૭ દર્દીઓએ પોતાનો જીવ ગુમાવ્યો છે. હાલ રાજ્યમાં ૨ લાખથી વધુ એક્ટિવ કેસો છે. રાજ્યમાં ભલે નવા કેસોમાં કમી આવી હોય, પરંતુ ગ્રામીણ વિસ્તારોમાં સ્થિતિ ગંભીર બની છે.

એક તરફ કોરોનાની બીજી લહેર ચરમ પર છે, ત્યાં બીજી તરફ વૅક્સિનેશનન પણ મંદ ગતિએ ચાલી રહ્યું છે. દિલ્હી, કર્ણાટક અને મહારાષ્ટ્ર સહિત કેટલાક રાજ્યોમાં વૅક્સિનેશન અભિયાન પર બ્રેક વાગી ગઈ છે. દિલ્હીમાં કોવેક્સિનનો સપ્લાય અટકી ગયો છે, તેના કારણે સેન્ટર્સ બંધ છે. મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં પણ ૧૮થી વધુ વયજૂથના લોકો માટે વૅક્સિન નથી. એવામાં કોરોના સામે જંગ કેવી રીતે જીતી શકાશે? તે એક મોટો પ્રશ્ન છે.

ઓડિશાની ભુવનેશ્વર જેલમાં ૧૨૦ કેદીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. તેમાંથી ૨ લોકોનાં મોત પણ થયાં છે. DIG શુભાકાંત મિશ્રાએ જણાવ્યું હતું કે કોરોનાના ગંભીર દર્દીઓને હોસ્પિટલમાં શિફ્ટ કરવામાં આવ્યા છે તેમજ ૪૪૯ કેદીને ૯૦ દિવસ માટે પેરોલ પર મુક્ત કરવામાં આવ્યા છે.

### મોદીએ કિસાન સમ્માન નિધિનો આઠમો હપ્તો જાહેર કર્યો,

## પ્રધાન સેવક તરીકે હું દેશવાસીઓની તમામ સંવેદનામાં સહભાગી છું: મોદી

ન્યુ દિલ્હી,તા.૧૪

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત ખેડૂતને મળનારા નાણાકીય લાભોનો આઠમો હપ્તો જારી કરી દીધો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિડીયો કોન્ફરન્સના માધ્યમથી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત નાણાકીય લાભનો આઠમો હપ્તો જાહેર કર્યો. આજે દેશ ૯.૫ કરોડથી વધારે લાભાર્થી ખેડૂત પરિવારોને ૧૯ હજાર કરોડ રૂપિયાથી વધારેની રકમ ટ્રાન્સફર કરવામાં આવી.

પીએમ મોદીએ આ અવસર પર ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, આંધ્ર પ્રદેશ, મેઘાલય, જમ્મુ અને કાશ્મીર જેવા ૫ રાજ્યોના ખેડૂતો સાથે પણ વાત કરી. આ તક પર બોલતા પીએમ મોદીએ કહ્યું કે, આજે ઘણા જ પડકારજનક સમયમાં આપણે આ સંવાદ કરી રહ્યા છીએ. આ કોરોના કાળમાં પણ દેશના ખેડૂતોએ આપણા કૃષિ ક્ષેત્રમાં પોતાની જવાબદારી નિભાવતા અન્નનું રેકૉર્ડતોડ ઉત્પાદન્ન કર્યું છે. પીએમ મોદીએ સાથે જ કહ્યું કે, આજે અક્ષય તૃતીયાનો પાવન પર્વ છે, કૃષિના નવા ચક્રની શરૂઆતનો સમય છે અને આજે જ લગભગ ૧૯ હજાર કરોડ રૂપિયા ખેડૂતોના બેંક ખાતામાં સીધા ટ્રાન્સફર કરવામાં આવ્યા છે.

આનો લાભ લગભગ ૧૦ કરોડ ખેડૂતોને થશે. પીએમ મોદીએ આગળ કહ્યું કે, આજે બંગાળના લાખો ખેડૂતોને પહેલો હપ્તો આપવામાં આવ્યો છે. જેમ જેમ રાજ્યોથી ખેડૂતોના નામ કેન્દ્ર સરકારને મળશે, તેમ તેમ લાભાર્થી ખેડૂતોની સંખ્યા વધારે વધતી જશે. કૃષિ મંત્રી નરેન્દ્ર સિંહ તોમર જેઓ આ અવસર પર ઉપસ્થિત હતા તેમણે કહ્યું કે, પશ્ચિમ બંગાળ રાજ્યના ૭થી વધારે ખેડૂતોને યોજનાનો લાભ મળ્યો છે. આ તક પર પીએમ મોદીએ કહ્યું કે, અત્યાર સુધી આ યોજના અંતર્ગત દેશના લગભગ ૧૧ કરોડ ખેડૂતોની પાસે લગભગ ૧ લાખ ૩૫ હજાર કરોડ રૂપિયા પહોંચી ચુક્યા છે. આમાંથી ફક્ત કોરોના કાળમાં જ ૬૦ હજાર કરોડ રૂપિયાથી વધારે પહોંચ્યા છે.

કોરોના મહામારીને લઇને તેમણે કહ્યું કે, ભારત હિંમત હારનારો દેશ નથી. આપણે લડીશું અને જીતીશું. તેમણે કહ્યું કે, આ સંકટના સમયમાં દવાઓ અને જરૂરી વસ્તુઓની જમાખોરી અને કાળાબજારીમાં પણ કેટલાક લોકો પોતાના સ્વાર્થના કારણમાં લાગેલા છે. હું રાજ્ય સરકારોને આગ્રહ કરું છું કે આવા લોકો પર સખ્ત કાર્યવાહી કરવામાં આવે. આ કૃત્ય માનવતાની વિરુદ્ધ છે.

### દુનિયા માટે અમેરિકાથી આવ્યા રાહતના સમાચાર

## અમેરિકામાં રસીના બંન્ને ડોઝ લેનારને માસ્ક પહેરવામાંથી મુક્તિ



વોશિંગ્ટન,તા.૧૪

કોરોના સંક્રમણની થપાટ ખાઈ ચુકેલું અમેરિકા હવે તેને માત આપતું નજરે ચડી રહ્યું છે. યુએસ સેન્ટર ફોર ડીસિઝ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શન (સીડીસી)ના કહેવા પ્રમાણે અમેરિકામાં વેક્સિનના બંન્ને ડોઝ લઈ લીધા હોય તે લોકો હવે માસ્ક પહેર્યા વગર અથવા તો ૬ ફૂટના અંતરથી પોતાની ગતિવિધિઓ કરી શકશે.

અમેરિકાની કુલ સંખ્યા ૩૩.૧ કરોડની છે. માહિતી પ્રમાણે, અમેરિકામાં અત્યાર સુધીમાં ૨૬.૫ કરોડ લોકોને વેક્સિન આપવામાં આવી છે. તેમાંથી ૧૨ કરોડ લોકો ફુલી વેક્સિનેટેડ છે. આમ, અત્યારે હાલ અમેરિકાની કુલ વસતિના ૩૬% લોકો ફુલી વેક્સિનેટેડ થઈ ગયા છે. જો કે, આ નિયમ જે વિસ્તારમાં હાલ વેક્સિનેશનની પ્રક્રિયા ચાલી રહી છે અથવા તો સરકારે જ્યાં હજુ પણ પ્રતિબંધ મુકેલો છે ત્યાં લાગુ નહીં થાય.

ઉલ્લેખનીય છે કે,

### અમેરિકા કોરોનામુક્ત બનવા તરફ આગળ વધ્યુ, અત્યાર સુધી ૨૬.૫ કરોડ લોકોને વેક્સિન અપાઈ, રસીના બંન્ને ડોઝ લેનારને સોશિયલ ડિસ્ટન્સ અને માસ્કમાંથી મુક્તિ અપાઈ

અમેરિકામાં મોટા પાયે વેક્સિનેશનની કામગીરી થઈ છે. અમેરિકામાં મોટા ભાગે તમામ વયસ્કોને વેક્સિન આપવાનું કામ પૂરૂ થઈ ચુક્યું છે અને તાજેતરમાં જ બાળકોને વેક્સિનેશનની મંજૂરી આપવામાં આવી છે. અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડને આ મુદ્દે સીડીસીની ખુલ્લા દિલે પ્રશંસા કરી હતી. બાઈડને કહ્યું હતું કે, મને થોડા સમય પહેલા જ ખબર પડી કે સીડીસીએ વેક્સિનના બંને ડોઝ લઈ લીધા હોય તે લોકો માટે માસ્કની અનિવાર્યતા હટાવી લીધી છે. આ એક મોટી ઉપલબ્ધિ છે. એક મહાન દિવસ છે. આપણે દેશમાં મોટા ભાગના અમેરિકનોને ખૂબ જ ઓછા સમયમાં વેક્સિન આપી તેના કારણે જ આ સંભવ બની શક્યું.

બાઈડને કહ્યું કે, છેલ્લા ૧૪૪ દિવસથી આપણા વેક્સિનેશન કાર્યક્રમે સમગ્ર વિશ્વનું નેતૃત્વ કામ કર્યું છે. આ અનેક લોકોની આકરી મહેનતના કારણે જ સફળ થઈ શક્યું. વૈજ્ઞાનિક, રિસર્ચર્સ, દવા કંપનીઓ, નેશનલ ગાર્ડ, યુએસ મિલિટરી, ફેમા, તમામ ગવર્નર, ડૉક્ટર, નર્સ વગેરેએ આકરી મહેનત કરી.

અમેરિકા દુનિયામાં ટોપ પર છે જ્યાં કોરોના સંક્રમિતોની સંખ્યા સૌથી વધારે છે. અહીં અત્યાર સુધી ૩ કરોડ ૩૬ લાખ ૧૫ હજારથી વધારે કોરોના દર્દી સામે આવી ચુક્યા છે, જ્યારે અત્યાર સુધી કુલ ૫ લાખ ૯૮ હજારથી વધારે લોકોના મોત થયા છે. અમેરિકામાં અત્યારે ૬૩ લાખ ૫૮ હજારથી વધારે કોરોનાના એક્ટિવ દર્દીઓ પોતાની સારવાર કરાવી રહ્યા છે. અમેરિકામાં અત્યાર સુધી ૨ કરોડ ૬૬ લાખથી વધારે સંક્રમિતો સારવાર ઠીક થયા છે.

### રસીને સેન્ટ્રલ ડ્રગ્સ લેબોરેટરીઝની મળી મંજૂરી

## રશિયન વેક્સિન સ્પુતનિકના એક ડોઝ માટે ૧,૦૦૦ ચૂકવવા પડશે

ન્યુ દિલ્હી,તા.૧૪

રશિયન સ્પુતનિક કોવિડ-૧૯ વેક્સિનનો એક ડોઝ ભારતમાં લગભગ ૧,૦૦૦ રૂપિયામાં પડશે. ભારતમાં સ્પુતનિકની આયાત કરનારા કંપની ડૉ. રેડ્ડીઝ લેબોરેટરીઝએ આ જાણકારી આપી છે. કંપનીએ કહ્યું છે કે રસીને સેન્ટ્રલ ડ્રગ્સ લેબોરેટરીઝથી જરૂરી મંજૂરી મળી ગઈ છે. આ રસીને ડૉ. રેડ્ડીઝ લેબે ભારતમાં આયાત કરી છે. ડૉ. રેડ્ડીઝ લેબોરેટરીઝે સ્ટોક એક્સચેન્જોને આ જાણકારી આપી છે. ઉલ્લેખનીય છે કે આ રસીના બે ડોઝ લગાવવાની જરૂર છે.




કંપનીએ જણાવ્યું કે, આ વેક્સિનના બે ડોઝ લેવા માટે મહત્તમ છૂટક કિંમત ૯૪૮ રૂપિયા છે, જેના પર ૫ ટકા જીએસટી લાગશે. એટલે કે રસીનો એક ડોઝ લગભગ એક હજાર રૂપિયામાં પડશે. ડૉ. રેડ્ડીઝ લેબે આ વેક્સનની સોફ્ટ લૉન્ચિંગ કરતા શુક્રવારના હૈદરાબાદમાં એક વ્યક્તિને આનો પહેલો ડોઝ લગાવ્યો. આ રસીને ડૉ. રેડ્ડીઝ લેબે ભારતમાં આયાત કરી છે. રશિયાથી વેક્સિનનો જથ્થો ૧ મેના જ ભારત પહોંચી હતી. ડૉ. રેડ્ડી લેબે જણાવ્યું કે, આ રસીને ૧૩ મેના સેન્ટ્રલ ડ્રગ્સ રેગ્યુલેટરી, કસૌલીથી પણ મંજૂરી મળી ગઈ છે.

કંપનીએ જણાવ્યું કે, હજુ રસીનો વધુ જથ્થો આયાત કરવામાં આવશે, પરંતુ આગળ આને ભારતીય ભાગીદાર કંપનીઓ દ્વારા જ બનાવવામાં આવશે. કંપનીએ કહ્યું કે, આગળ જ્યારે આ વેક્સિન ભારતમાં બનવા લાગશે તો આના ભાવ ઓછા થઈ શકે છે. કંપની ભારતમાં ૬ રસી બનાવનારી કંપનીઓથી આના ઉત્પાદન વિશે વાત કરી રહી છે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૯૯૯૫**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૭૩૫૩૪૮**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૧૦૪**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૧૫૩૬૫**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૬૦૮૬૬૭**

## સુપ્રિમ કોર્ટે પ્રવાસી મજૂરો માટે યોગ્ય વ્યવસ્થા કરવા નિર્દેશ આપ્યા

ન્યુ દિલ્હી,તા.૧૪

કોરોના વાયરસના વધતા સંક્રમણને રોકવા માટે અનેક રાજ્યોમાં લોકડાઉન જેવા પ્રતિબંધો લાગુ છે. આ કારણે પ્રવાસી મજૂરોને કામ નથી મળી રહ્યું અને તેમણે આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. સુપ્રીમ કોર્ટે પ્રવાસી મજૂરોની સમસ્યાઓને જોતા દિલ્હી, ઉત્તર પ્રદેશ અને હરિયાણા સરકારને નિર્દેશ આપ્યો છે અને કહ્યું છે કે પ્રવાસીઓ માટે વ્યવસ્થા કરે.

અનેક રાજોયમાં ફસાયેલા પ્રવાસી મજૂરોની મુશ્કેલીઓ ઓછી કરવા માટે અનેક વચગાળાના નિર્દેશ આપતા સુપ્રીમ કોર્ટે કહ્યું કે એનસીઆર ક્ષેત્રમાં આત્મનિર્ભર ભારત યોજના, કેન્દ્ર દિલ્હી, ઉત્તર પ્રદેશ અને હરિયાણા સરકારોની અન્ય યોજનાઓ હેઠળ પ્રવાસી મજૂરોને રાશન ઉપલબ્ધ કરાવે. કોર્ટે કહ્યું કે પ્રવાસી કામદારો માટે તેઓ કમ્યુનિટી કિચન શરૂ કરે અને જે કામદારો ઘરે પાછા ફરવા માંગે છે તેમના માટે પરિવહનની વ્યવસ્થા કરે. જસ્ટિસ અશોક ભૂષણ, અને જસ્ટિસ એમ આર શાહની પેનલે કહ્યું કે કેન્દ્ર સરકાર પ્રવાસી મજૂરોની જરૂરિયાતોનું ધ્યાન રાખતા યોગ્ય વ્યવસ્થા કરવાના નિર્દેશ રેલ મંત્રાલયને આપે.

સુપ્રીમ કોર્ટમાં ત્રણ સામાજિક કાર્યકરોએ અરજી કરી હતી અને ભલામણ કરી હતી કે તેઓ કેન્દ્ર અને રાજ્ય સરકારોને મહામારીના કારણે લાગૂ પ્રતિબંધોના કારણે મુશ્કેલીઓનો સામનો કરી રહેલા પ્રવાસી મજૂરોના કલ્યાણ માટે ખાદ્ય સુરક્ષા, રોકડ મદદ, પરિવહન વ્યવસ્થા, અને અન્ય કલ્યાણકારી પગલા ભરવાના નિર્દેશ આપે.

પેનલે કહ્યું કે રાષ્ટ્રીય રાજધાની દિલ્હી, ઉત્તર પ્રદેશ, અને હરિયાણા રાજ્ય (એનસીઆરમાં આવતા જિલ્લાઓ માટે) એનસીઆરમાં ફસાયેલા પ્રવાસી કામદારો અને તેમના પરિજનો માટે લોકપ્રિય સ્થળો પર સામુદાયિક રસોઈ ખોલો જેથી કરીને તેમને બે ટંકનું ભોજન મળી શકે. કોર્ટે કહ્યું કે ફસાયેલા પ્રવાસી મજૂરોમાંથી જે ઘરે જવા માંગતા હોય તેમના માટે પરિવહનની યોગ્ય વ્યવસ્થા કરો.


## તંત્રી સ્થાનેથી...

# વસુધેવ કુટુંબકમ્ ની ભાવના ભારતને ભારે પડી કે શું....?!

*ભારત સરકારની આફતને અવસરમાં પલટાવવાની ઘેલછામાં ક્યારેક કોઈ મુદ્દે એવી ઉતાલળી ઘેલસા કરવામાં આવી કે જેમાં જરૂરી પ્રજા હિત માટેના કાર્યોને હાસિયામાં ધકેલી દેવાયા....! જેના પરિણામ આજે દેશની આમ પ્રજા ભોગવી રહી છે અને હવે કોરોનાના અજગરી ભરડામાં દેશના લોકો ફસાઇ ગયા છે.... આગ લાગે ત્યારે કૂવો ખોદવા બેસે એ રીતે નવા ઓક્સિજન પ્લાન્ટ ઊભા કરવા સરકાર દોડતી થઈ ગઈ છે. તો વસુધેવ કુટુંબકમ્ ની ભાવના અનુસાર વિશ્વના દેશોને ઘરઆંગણે ઉત્પાદન કરવામાં આવેલ કોરોના નાયક રસીની અન્ય દેશોને મદદ કરવા સરકાર દોડી ગઈ.... પરિણામે ઘરના છોકરા ઘંટી ચાટેની સ્થિતી બની ગઈ . રેમડેસિવીર સહિતની જરૂરી દવા મેળવવા પ્રજા ફાફા મારતી થઈ ગઈ.૨૦૨૦ માં ત્રાટકેટલા કોરોના વાયરસમાંથી કોઈપણ શીખ કેન્દ્ર સરકાર લીધી નહીં...નવી હોસ્પિટલો ઉભી કરી નહી, અન્ય દેશોની જેમ કોરોના રસીનો સ્ટોક કર્યો નહીં, ડોક્ટરો નર્સો, મેડિકલ સ્ટાફની ખાલી જગ્યાઓ ભરવામા ધ્યાન આપ્યું નહીં કે નવી ભરતી કરી નહી. ઉપરાંત જરુરી મેડિકલ ઈક્વિપમેન્ટ પણ વસાવ્યા નહીં, એર કન્ડિશનિંગ કે વેન્ટીલેટર માટેની વ્યવસ્થા કરવાથી દૂર રહ્યા અને અત્યારે આગ લાગે ત્યારે કૂવો ખોદવા બેસે.. તેમ સરકાર અને તેનુ તંત્ર દોડી રહ્યું છે. ૨૦૨૦ માં ત્રાટકેલા કોરોના વાયરસની સાંકળ તોડવા સમગ્ર દેશમાં લોકડાઉન લાદી દેવામાં આવ્યું હતું જેના કારણે ભારતમાં વસ્તીના પ્રમાણમાં કોરોના કંટ્રોલ કરવામાં સફળતા તરફ આગળ રહ્યું હતું. જ્યારે કે અમેરિકા, બ્રિટન, યુરોપિયન દેશો,ઈટલી સહિતના દેશોએ અર્થતંત્રને મહત્વ આપ્યું તો કેટલાક દેશોની પ્રજા લોકડાઉન બંધન સ્વિકારવા તૈયાર ન હતી જે કારણે આવા દેશોમાં માનવ તબાહી સહિતનુ ભારે નુકસાન વેઠવું પડ્યું હતું. ભારતમાં કોરોનાનો અંત આવી ગયો છે તે રીતે સરકારની આફતને અવસરમાં પલટાવવાની ઘેલસાને કારણે ધીરે ધીરે ર્દ્વિંઢાર્દ્વુંહ હળવું કરવા તરફ દોડતા થઈ ગયા અને વિશ્વમા કોરોનામાંથી ભારત બહાર આવી ગયુ હોવાનો ડંકો વગાડી વિશ્વગુરુ બનવાનો ઘંટનાદ કરવા લાગ્યા..... અને આ બાબતજ સરકારની મોટી ભૂલ હતી....!!*

*૨૦૨૦ માં કોરોનાની પ્રથમ લહેર ત્રાટકી તેમાંથી ભારત સરકારે કે તેના તંત્રએ કોઈ શીખ લીધી ન હતી....! જ્યારે કે વિશ્વના દેશોએ પોતાના નાગરિકોને ધ્યાનમાં રાખી હોસ્પિટલ વ્યવસ્થા,કોરોના વેક્સિન અને દવાઓનો સ્ટોક,પુરતા પ્રમાણમાં ડોક્ટરો- મેડિકલ સ્ટાફ, ઓક્સિજન,વેન્ટીલેટર, એરકન્ડીશનો સહિતની સુવિધાઓ ઉભી કરી દીધી હતી જેના કારણે કોરોના ની બીજી લહેરમાં વિશ્વના દેશોને ઘણોજ ઓછો ફટકો પડયો છે... ભારત સિવાયના દેશોએ ઉર્ઊ઼ઁ ઉપરાંત જે તે દેશોના નિષ્ણાતો અને ડોક્ટરોની સલાહ અને ચેતવણી પર ધ્યાન આપ્યું હતું..... ભારત સરકારે આ પૈકીની મોટાભાગની બાબતોની અવગણના કરી હતી....! ઉપરાંત અન્ય દેશોને કોરોના રસીની સહાય કરી હતી.... પરિણામે કોરોનાની બીજી લહેરે ભારત સરકારની વિકાસની વાતો અને વિશ્વ ગુરુ બનવાના ઘંટનાદની બધી પોલ બહાર આવી ગઈ તે સાથે ભારતમાં કોરોનાની વરવી વાસ્તવિકતાને લઈને વિશ્વના મોટાભાગના દેશો ભારત સરકારની એક પછી એક ઊણપો-પોલ જાહેર કરવા લાગ્યા અને કેન્દ્ર સરકારની તમામ પોલ જાહેર કરી દીધી... તેનો સામનો કરવામા કે રદીયો આપવામાં કેન્દ્ર સરકારના તમામ રાજનેતાઓની બોલતી બંધ થઈ ગઈ છે....!! તેવી સ્થિતિ બની ગઈ છે. સરકારે તેમજ તંત્રએ હવે સત્ય વાત સ્વીકારી પ્રજા હિત માટે વિદેશી સહાય મેળવવા સાથે જે પણ ઊણપો દૂર થઈ શકે તેવી હોય તેને પ્રાથમિકતા આપવી જોઈએ એવી આજના સમયની માંગ છે... તેવી જાગૃત લોકોમા સવાલી ચર્ચા ફરી વળી છે.....!?*

# વિચરતી જાતિના લોકો અને સેકસ વર્કર બહેનોના પરિવારજનોને મોરારિબાપુ દ્વારા ૩૫ લાખની સહાય



ગત વર્ષથી સમગ્ર વિશ્વ કોવીડની મહામારીનો સામનો કરી રહ્યું છે. આ વૈશ્વિક મહામારીની અસરો વ્યાપક છે. લોકોના આરોગ્ય ઉપરાંત રોજીંદા જીવનને પણ આ મહામારીએ અસર કરી છે. લોકોના ધંધા-રોજગારથી લઈ માનસિક સ્વાસ્થ્ય સુધી અસર થઈ છે. દેશના અનેક પ્રાંતોમાં સામાન્ય લોકો માટે તેમનું ગુજરાન ચલાવવું પણ અઘરું બન્યું છે.

પૂજ્ય મોરારિબાપુએ કોરોનાને લઈને જે સ્થિતિ ઉદ્ભવી છે તેમાં જરૂરિયાતમંદ પરિવારોને આર્થિક સહાય પહોંચતી કરી છે. ગત વર્ષે સૌ પ્રથમ રૂપિયા ૧ કરોડની સહાય પ્રધાનમંત્રી રાહત કોષને એમણે મોકલી હતી જે સહાયની વણથંભી યાત્રા આજે પણ ચાલુ છે.

સતત એમણે વિવિધ સંસ્થાઓ, સમાજસેવી સંગઠનોને આર્થિક સહાય આપી છે અને તે દ્વારા સમાજના છેલ્લા વર્ગના લોકો સુધી પહોંચ્યા છે. સાથોસાથ રામકથાના અવિરત અનુષ્ઠાન દ્વારા લોકોમાં વ્યાપેલી નિરાશા, હતાશા અને દરની માનસિકતા સામે કામ કર્યું છે.

લોક મંગલ માટેની એમની અપીલને એમની રામકથાના શ્રોતાઓએ હમેશા જબરજસ્ત પ્રતિસાદ આપ્યો છે. આજ રોજ ગુજરાત વિચરતી જાતિ સમુદાય મંચના સુ.શ્રી. મિત્તલ પટેલની સંસ્થાને બાપુ દ્વારા ૧૧ લાખ આપવામાં આવ્યા છે. એ જ પ્રમાણે દેશના ગુજરાત તેમજ મુંબઈ, ઉત્તર પ્રદેશના ઉન્નાવ, દિલ્હી સહીત વિવિધ પ્રાંતમાં જે સેકસ વર્કર બહેનોનાં પરિવારના પુનઃવસન માટે કાર્યરત સંસ્થાઓ અને સંગઠનોને ૨૪ લાખની સહાય મોકલવામાં આવનાર છે. આમ કુલ ૩૫ લાખની સહાય મોકલવામાં આવશે.

### ખેતી માટે આજથી ૩૦ જૂન સુધી તબક્કા વાર કેનલોમાં પાણી છોડવાનોઆરંભ

# અખાત્રીજના દિવસે ગુજરાતના ખેડૂતો માટે રાહતના સમાચાર,નર્મદા ડેમમાંથી કેનાલ મારફતે પાણી છોડવામાં આવ્યું



રાજપીપલા, તા ૧૪

આજે અખાત્રીજના સપરમાં દિવસે ગુજરાત ના ખેડૂતો માટે રાહતના સમાચાર છે. આજે ગુજરાત ની જીવાદોરી સમાન નર્મદા ડેમમાંથી કેનાલ મારફતે પાણી છોડવામા આવી રહ્યુ છે.ખેતીમાટે આજથી ૩૦ જૂનસુધી તબક્કા વાર કેનલોમાં પાણી છોડવામાં આવી રહ્યું છે.નર્મદાડેમની જળસપાટી આજે ૧૨૩.૯૫ મીટરે નોંધાઇહતી . પ્રથમ દિવસે ૧૫ હજાર કક્યુસેક પાણી છોડવામાં આવશે. હાલ ડેમ માં ૨ હજાર MCM લાઈવ સ્ટોરેજ પાણીનો જથો છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાતના પશુપાલકો અને ખેડૂતોને ઊનાળામાં પાણીની અછતનો સામનો નકરવો પડે તે માટે આગામી ૩૦મી જૂન સુધી નર્મદાના નીર સમગ્ર ગુજરાતના લોકોને આપવાનો નિર્ણય નાયબમુખ્યમંત્રી નીતિન પટેલે લીધોછે. આ માટે નર્મદાની કેનાલ,ફતેવાડી કે નાલ, સુજલામ સુફલામના નેટવર્ક, ખારીકટ કેનાલ અને સૌની યોજનાના નેટવર્કનો ઉપયોગ કરવામાં આવશે. આગામી ત્રીસમી જૂન સુધી પાણીનો સપ્લાય કેનાલ નેટવર્ક મારફતે ચાલુ રાખવાની જાહેરાત કરતાં તેમણે કહ્યું હતું કે ૧૩મી મેની સ્થિતિએ ગુજરાતની જીવાદોરી ગણાતીનર્માદાની સપાટી ૧૨૩.૩૮ મીટર પર છે. આ પાણી રાજયના નાગરિકો ન ઊનાળામાં પીવાનું પાણી પૂર પાડવા માટે અને ખેડૂતોનેખેતી માટે પૂરું પાડવા માટેઉપયોગમાં લેવાશે. પાણીનો યોગ્ય વપરાશ થાય તે માટે સમયબદ્ધ આયોજન કરવામાં આવ્યું છે.

બીજા શબ્દોમાં કહીએ તો દરેક એરિયામાં નિશ્ચિત સમયગાળામાં સપ્લાય મળશે તેવું આયોજન કરાયું છે. રાજયના જ વિસ્તારોમાં પાણીની જરૂર હશે તે વિસ્તારમાં ગુ જ રાતસરકારના સિંચાઈ વિભાગ દ્વારા પાણીનો પુરવઠો પહોંચાડવામાં આવશે. તેનાથીખેડૂતોને ખાસ્સો લાભ થશે.

જોકે આગામી પંદરમી જૂનસુધીમાં ગુજરાતમાં ચોમાસુંબેસી જવાની સંભાવનાહોવાથી આ વરસે પાણીની બહુ મોટી તકલીફ પડવાની સંભાવના ઓછી જણાય છે. નીતિન પટેલે ઉમેર્યું કે, ઉનાળાની સીઝનમાં ખેડૂતોઅને પશુપાલકોની પાણીની જરૂરીયાત સંતો ષવા માટેનર્મદા કેનાલ દ્વારા નર્મદાનાનીર થકી ખેડૂતો અનેપશુપાલકો માટે પાણી પૂર પાડવાના આશયથી નર્મદા કેનાલ, સુજલામ સુફલામ,ફતેવાડી, ખારી કટ તથા સૌની યોજનામાં સિંચાઇ વિભાગની જરૂરિયાત પ્રમાણે નર્મદા યોજનાનું પાણી આપવામાં આવશે. સિંચાઇ વિભાગ દ્વારા આ પાણી સુજલામ સુફલામઅને સૌની યોજના દ્વારા રાજ્યભરમાં જરૂર હશે ત્યાં આપવામાં આવશે જેનો લાખોખેડૂતો તથા પશુપાલકોને લાભ થશે.

રિપોર્ટ :જ્યોતિ જગતાપ, રાજપીપલા

# ઈંગ્લેન્ડમાં અરગામા ગામના માતા-પુત્રી અને પુત્ર લેક્રેશાયર કન્ટ્રી કાઉન્સિલની ચૂંટણીમાં વિજેતા



વાગરા તાલુકાના અરગામા ગામના મૂળ વતની જેઓને ઈંગ્લેન્ડમાં અંગ્રેજો દ્વારા ખાન સાહેબનું બિરૂદ મળ્યું હતું. વર્ષો સુધી પોતાની આગવી પ્રતિભાથી રાજકારણમાં મોખરાનું સ્થાન પ્રાપ્ત કરનાર સ્વ.અહમદ ખાનની અને ગામના માજી સરપંચ ઈબ્રાહીમ ખાનની પ્રપૌત્રી હસીનાએ પણ ચોર્લી નોર્થમાં રેડીયો એંકર તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી.

ત્યાર બાદ લેક્રેશાયર કન્ટ્રી કાઉન્સિલમાં લેબર પાર્ટીમાં પાયાના કાર્યકર તરીકે જોડાઈ ચોર્લી નોર્થના કાઉન્સીલર તરીકે રાજકીય પદાર્પણ કર્યુ હતુ. જેમાં વર્ષ ૨૦૦૬ માં લેક્રેશાયરમાં પ્રથમ મુસ્લિમ મહિલા કાઉન્સિલર તરીકે ચૂંટાઈ આવ્યા હતા. વર્ષ ૨૦૧૯ માં મેયર તરીકે સેવા આપી હતી. જયારે તેમના બંનેય બાળકોએ નાનપણથી જ તેમના નકશે કદમ ઉપર ચાલીને રાજકીય રાહ તરફ આગળ વધ્યા હતા.

જેના આધારે બંનેય બાળકોએ તેમની માતાથી પ્રેરણા લઈને હાલમાં સ્થાનિક ચૂંટણીમાં ઝપલાવ્યું હતું. જેમાં પુત્રી ઝારા તેની ચોર્લી કાઉન્સિલ પર બીજી વખત ચૂંટણીમાં ચૂંટાઈ આવી હતી અને માતા હસીના ખાન પાંચમી ટર્મ માટે ફરીથી ચૂંટાઈ આવી હતી. જયારે તેમનો પુત્ર સમીર ખાન પણ યોજાયેલી ચૂંટણીમાં વિજેતા થયો હયો. જેથી એક જ પરિવારમાંથી માતા અને પુત્ર અને પુત્રી વિજેતા થતા ગુજરાત અને ખાસ કરીને ભરૂચ જિલ્લાનું ગૌરવ વધાર્યું છે.

***टाइम्स ग्रुप की चेयरपर्सन इन्दु जैन का 84 बर्ष की उम्र में निधन***

***नईदिल्ली-मई-14-2021***

देश के सबसे बड़े और सबसे पुराने मीडिया संस्थानों में से एक टाइम्स ग्रुप की चेयरपर्सन इंदु जैन का निधन हो गया है.बताया गया है कि कुछ दिन से उनकी तबीयत खराब थी,जिसके बाद उन्हें अस्पताल में भर्ती कराया गया था.गुरुवार देर शाम उन्होंने अंतिम सांसें लीं.इंदु जैन उन महिलाओं में से एक थीं,जिन्होंने अपनी उम्र की चिंता किए बगैर हमेशा काम को ज्यादा तवज्जो दी.

***देश की एक सफल बिजनेस वुमन थीं.***

प्रधानमंत्री नरेंद्र मोदी ने इंदु जैन के निधन पर शोक जताया है. अपने ट्वीट में उन्होंने लिखा है कि वो समाज के लिए किए योगदान के लिए याद रखी जाएंगी. इंदु जैन अपने मीडिया संस्थान और काम



को प्रति जज्बे के लिए कई महिलाओं की रोल मॉडल भी रही हैं.

उन्हें भारत सरकार की तरफ से पद्म विभूषण पुरस्कार से भी नवाजा गया.कला और संस्कृति में काफी रुचि रखने वालीं इंदु जैन भारतीय ज्ञानपीठ ट्रस्ट की चेयरमैन भी रह चुकी हैं. इसके अलावा उन्होंने महिलाओं के अधिकारों को लेकर भी आवाज उठाई.

***'टाइम्स फाउंडेशन' की कामयाबी के पीछे इंदु का हाथ***

यूपी के फैजाबाद की रहने वाली इंदु जैन की शादी टाइम्स ऑफ इंडिया ग्रुप के अशोक कुमार जैन से हुई. साल 1999 में अशोक जैन का निधन हो गया था. B.C.C.L के मौजूदा मैनेजिंग डायरेक्टर विनित जैन और समीर जैन, इंदु जैन के बेटे हैं.देश के सबसे बड़े कारोबारी घरानों में से एक जैन परिवार की बुनियाद बनकर खड़ी रहने वाली इंदु जैन 'टाइम्स फाउंडेशन' की प्रेसिडेंट थी. इस फाउंडेशन की स्थापना उन्होंने साल 2000 में की थी. ये फाउंडेशन आपदा के समय में ये फाउंडेशन लोगों के मदद के लिए आगे आता है.फाउंडेशन को अंतरराष्ट्रीय पहचान दिलाने में इंदु जैन का अहम योगदान रहा है.

कई बार फोर्ब्स के सबसे अमीर शख्सियतों की लिस्ट में आ चुकीं इंदु जैन FICCI की महिला विंग (FLO) की फाउंडर प्रेसिडेंट भी थीं.

## ૨ હજારથી વધુ નર્સની જગ્યાઓ પર તાત્કાલિક ધોરણે સીધી ભરતી કરાશે

ગાંધીનગર,તા.૧૪

રાજયમાં ૨ હજારથી વધુ નર્સની જગ્યાઓ તાત્કાલિક અસરથી સીધી ભરતીથી ભરવાનો નિર્ણય આજે મુખ્યમંત્રી વિજય રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલી કોર કમિટીમાં નિર્ણય લેવાયો છે. કોર કમિટિના આ નિર્ણય અનુસાર, રાજયમાં ૨૦૧૯ જેટલી હાલ ખાલી પડેલી નર્સિસની જગ્યાઓ સીધી ભરતીથી તાત્કાલિક ધોરણે ભરવાની પ્રક્રિયા આરોગ્ય વિભાગ હાથ ધરશે.

રાજયમાં કોરોનાએ કાળો કેર વર્તાવ્યો છે. ચોતરફ કોરોનાના કેસોએ હાહાકાર મચાવ્યો હતો. જો કે શહેરી વિસ્તારમાં તબક્કાવાર ઘટાડો નોંધાતો જાય છે, પરંતુ ગ્રામીણ વિસ્તારમાં કેસોમાં તબક્કાવાર વધારો થઇ રહ્યો છે. આ ગામડાંઓમાં કોવિડ કેર સેન્ટરો ઊભા કરવામાં આવ્યા છે અને ત્યાં ઓક્સીજનથી માંડીને અન્ય સુવિધાઓ ઊભી કરવામાં આવી છે, પરંતુ કોરોનાના દર્દીઓની સારવાર કરવા માટે મેડિકલ સ્ટાફની અછત વર્તાઇ રહી છે.

જેના પરિણામે ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીના અધ્યક્ષ સ્થાને યોજાયેલી કોર કમિટીની આજની બેઠકમાં બે હજારથી વધુ નર્સની જગ્યાઓ તાત્કાલિક અસરથી સીધી ભરતી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

### રાજપીપલા મા લગ્ન પ્રસંગમા ઢોલ વગાડતા ઝડપાયા

# અક્ષયતૃતીયાના દિવસે રાજપીપળા સહિત નર્મદા જિલ્લામા નર્મદા પોલીસની લગ્ન પ્રસંગોમાં કડક ચેકીંગ હાથ ધરાયું

રાજપીપલા, તા ૧૪

આજે અક્ષયતૃતીયાના દિવસે રાજપીપળા સહિત નર્મદા જિલ્લામા નર્મદા પોલીસ સવાર થી ટીમ બનાવીને ત્રાટકી હતી. અને લગ્ન પ્રસંગોમાં વગર આમંત્રણે પહોંચી જઈ સઘનચેકીંગ હાથ ધર્યુ હતું.

કોરોનાની મહામારીને કારણે લગ્ન પ્રસંગમાં ૫૦થી વધુ લોકો નેભેગા નહીં કરવા પર પ્રતિબંધ હોઈ અને આજે અખાત્રીજ ના દિવસે ખુબ લગ્નો હોઈ આજે નર્મદા પોલીસ વડા હિમકર સિંહની સૂચનાથી અને નાયબ પોલીસ વડા રાજેશ પરમાર ના માર્ગ દર્શન હેઠળ આજે રાજપીપલામા પીઆઈ એમ બી ચવ્હાણ અને તેમની ટીમ બનાવીનેત્રાણ વાહનો દોડાવીને સઘન ચેકીંગ હાથ ધર્યું હતું.જેમાં

રાજપીપલામા એક જગ્યાએ લગ્ન પ્રસંગ મા ઢોલ વગાડતા ઈસમો ઝડપતા તેમની સામે પોલીસેલાલ આંખ કરતા પોલીસને જોઈને ભાગી છૂટ્યા હતા. તો પોલીસે માસ્ક વગરના અને ટોળે વળનારા સામે પણ પોલીસે લાલ આંખકરી કાર્યવાહી કરી હતી.

આજે અક્ષય તૃતીયાનો દિવસ હોવાથી અને રમજાન ઈદ નો પણ તહેવાર પણ હોવાથી બંને જગ્યાએ લોકોની ભીડ ભેગીના થાય તે માટેનર્મદા પોલીસ ખાસ નજર રાખતા ખાસ અનીચ્છનીય બનવા પામ્યો નહતો.

એ ઉપરાંતઆજે રમઝાન ઈદનોનો પવિત્ર તહેવાર હોવાથી મસ્જિદોમાં મુસ્લિમ બિરાદરોજાહેરમાં ભેગા થયા નહોતા.માત્ર મૌલવીએ જ નમાઝ પઢી હતીઅન્ય મુસ્લિમ ભાઈઓએ પોતાના ઘરે રહીને જ નમાજ અદા કરી હતી.

જયોતિ જગતાપ, રાજપીપલા

# કોરોનાને હરાવવા સરકારનું વધુ એક અભિયાનઃ મારો વોર્ડ કોરોનામુક્ત વોર્ડ

ગાંધીનગર,તા.૧૪

રાજ્ય સરકાર દ્વારા કોરોનાને ડામવા માટે નવુ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. હવે 'મારો વોર્ડ કોરોનામુક્ત વોર્ડ' નું અભિયાન ગુજરાતભરમાં ચલાવવામાં આવશે. આરોગ્ય વિભાગ અને શહેરી વિકાસ વિભાગ દ્વારા આ અભિયાન માટે માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે.

'મારો વોર્ડ કોરોનામુક્ત વોર્ડ' ની સીધી જવાબદારી મહાનગરપાલિકા અને નગરપાલિકાના ચૂંટાયેલા પ્રતિનિધિઓને સોંપવામાં આવી છે. જિલ્લા પ્રભારીમંત્રી ઈન્ચાર્જ મંત્રી અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ 'મારો વોર્ડ કોરોનામુક્ત વોર્ડ' અંતર્ગત લોકોની સતત મુલાકાત લઈને જન જાગૃતિ સાથે સ્થાનિક પરિસ્થિતિની સમીક્ષા કરશે. એટલુ જ નહિ, સાથે જ'મારો વોર્ડ કોરોનામુક્ત વોર્ડ' અભિયાન અંતર્ગત નિયમિત રીતે થતી કામગીરીની માહિતી મુખ્યમંત્રી કાર્યાલય સુધી પહોંચાડવી પડશે.

મહાનગર પાલિકા કમિશનર દ્વારા સમગ્ર કામગીરીનું મોનીટરીંગ કરવા માટે નોડલ અધિકારીની નિમણૂક કરવામાં આવશે.

### સંસ્થા ની સેવાઓની સુવાસ વિશ્વ પાટીદાર સમાજ માં પ્રસરી

# કેળવણીધામ- સરદારધામ સંસ્થાનેજા હેઠળ ચાલતા સિવિલ સર્વિસ કેન્દ્ર ના એકત્રીસ જેટલા યુવાનો તાલીમ લઈ નાયબ મામલતદાર અને સેકસન અધિકારી તરીકે પસંદગી પામ્યા

અરવલ્લી

વિશ્વ પાટીદાર સમાજ ના સંચાલિત કેળવણીધામ- સરદાર ધામ ના સિવિલ સર્વિસ તાલીભ કેન્દ્ર દ્વારા સમગ્ર પાટીદાર સમાજ ના બાળકો માટે સિવિલ સર્વિસ ના તાલીમ અને અભ્યાસક્રમ નું સુંદર કામગીરી અને કેળવણી ના ઉત્તર યજ્ઞોત્સવ જેવું કામ કરવામાં આવે છે અને આજ સુધીમાં સંસ્થામાં તાલીમ પામેલા અસંખ્ય યુવાનો સરકારમાં અધિકારી બની સેવા આપી રહ્યા છે તાજેતરમાં જી.પી.એસ.ની પરીક્ષામાં પાટીદાર સમાજ ના એકત્રીસ જેટલા યુવાનો નાયબ સેક્શન અધિકારી અને



નાયબ મામલતદાર તરીકે સરકારમાં પસંદગી પામ્યા છે અને. કેટલાક બાગાયતી અધિકારી બની ગયા છે જે સમાજ માટે આનંદની વાત છેસંસ્થાનુ ટ્રસ્ટી મંડળ ના પ્રમુખસેવક ગગજીભાઈ સુતરિયા ઉપ પ્રમુખો નટુભાઈ, નાગજીભાઈ શીંગાળાઅને નિવૃત આઈ.એસ.અધિકારીઓ ટી જે ઝાલાવાડિયા, એસ એલ મીના,એસ એચ પટેલે અભિનંદન આપ્યા હતા અને જુદા જુદા નિષ્ણાતો દ્વારા તાલીમાર્થીઓ ને સુંદર તાલીમ આપવામાં આવે છે.તમામ પસંદગી પામેલા યુવાનો ને સંસ્થા ના પ્રમુખ સહિતના હોદ્દેદારો એ અભિનંદન આપ્યા છે અને હજુ પણ પાટીદાર સમાજ ના વધુ શિક્ષિત યુવાનો સંસ્થા નો લાભ લે માટે અનુરોધ કરી રહ્યા હોવાનું સંસ્થા ના મીડીયા કન્વીનર મહેન્દ્રપ્રસાદે દ્વારા એક નિવેદનમાં જણાવવામાં આવ્યું છે..

ન્યુઝ ઓફ ગાંધીનગર.



# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા સાત ગદ્ય રચના પ્રસિદ્ધ કરવામાં આવી છે.
વિષય : "જીત - હાર, વિજય - પરાજય". તેમજ
"માં" વિષયક રચનાઓ. દિવસ - ૫
www.janfariyadnews.com
Email : prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
નિર્ણાયક મંડળ :જયશ્રીબેન પટેલ, માયાબેન દેસાઈ
એડમિન ટીમ.: નિર્ણાયક મંડળ, જયકાંતભાઈ ઘેલાણી, વિભૂતિ બેન દેસાઈ, પ્રદિપ રાવલ, સહયોગી : આરતી મરચંટ, અરૂણાબેન ત્રિવેદી
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews
વેબ સાઈટ : janfariyadnews

---

## NOG SS NO:0004

વિષયઃ હાર- જીત, જય-પરાજય
પ્રકાર : ગદ્ય
શીર્ષકઃ સંઘર્ષ

હાર કોને ગમે? પરાજય કોને ગમે? કોઈક જ નિરાશાવાદી જીવનની રાહ અપનાવી પૂર્ણ જીવન પોતાના આંગણાંમાં હકારાત્મક લહેરખીને પ્રવેશવા દેતા નથી. હંમેશાં ફૂલ નહિ પણ કાંટાનો માર્ગ જ અપનાવે છે. હાર કે પરાજયને અપનાવી પ્રભુને કોશે છે!

એવાં માનવીને એટલું જ કહીશ કેસંઘર્ષ ને ઓળખો છો? સુંદરતા પામતા પહેલાં સૌંદર્યને પામવું પડે. કાર્યને સંઘર્ષ રૂપે સ્વીકારવું પડે. જીવનમાં બધું જ આસાનીથી પ્રાપ્ત થાય તો તેમાં હાર જીત કે જય પરાજય રહે જ ક્યાં? મિત્રો તેથી જ માટી ખોદાઈ તેમાં બીજ રોપાય , બીજ ને પાણી સિંચાઈ ને અંકુર ફૂટે, તેની માવજત થાય ને પછી ફળ, ફૂલ કે અનાજ પ્રાપ્ત થાય તે જીત છે. સંસ્કાર બાળકમાં સિંચાઈ સંઘર્ષ ત્યારે તે સમજે કે તે ખરો અર્થ સમજે છે જીત કે જયનો.

મોટા ગ્રંથો રચાયા જેવાકે રામાયણ ને મહાભારત તેમાંથી કુરુક્ષેત્રે જન્મી ગીતા... તેમાં સમજાયા હાર જીત અને જય પરાજયનાં રહસ્ય..જો સંઘર્ષ નહોત તો અભિમન્યું આસાનીથી ચક્વ્યુહ તોડી જીત જ મેળવી શક્યો હોત, સંઘર્ષ નહોત તો સીતાને રામ વિરહની યાતના ભોગવવી જ ન પડી હોત. કશું જ આસાન નથી હોતું પણ કર્મ, કર્તવ્ય અને સંઘર્ષ જ કરવાથી જરૂર જ હકારાત્મકતા તમને જીત ને જય મેળવી આપે છે.

અનેક સફળતાની પાછળ સંઘર્ષ જ છુપાયેલો છે. અનેક જીવનની ઘટમાળ જુઓ ક્યાંક મોટી મોટી મહામારી , ક્યાંક મોટા મોટા યુધ્ધો કે ક્યાંક મોટા મોટા હિરોસિમા જેવી ઘટનાઓ તમારી સામે આવશે જ છતાં આ સંઘર્ષો તોડી વિશ્વ ચાલ્યું છે ને માનવીએ નવી નવી શોધો કરી ને જીત મેળવી છે!

હાર માનવા કરતાં જરૂર તેવાં સંઘર્ષને અપનાવો જે તમને જીત તરફ ખેંચી જાય! જયની વરમાળા પહેરો ને પેલાં પરાજયને કે પેલી હારને સંઘર્ષમય જીવન સાથે જોડી હંમેશ સામી છાતીએ લઢનારા યોધ્ધા બનો.

મુક્તપંચિકા
હાર જીતને
પરાજય તે
કશું ન છૂપે મન
જો વિચારે તે
હાથકી જીત!

જયશ્રી પટેલ..

---

## NOG SS No.0059.

વિભાગઃ ગદ્ય- લેખ.
વિષય : હાર ,જીત ,વિજય, પરાજય.
શીર્ષકઃ વિજેતા કોણ ?
શબ્દોઃ ૧૬૫.

સમગ્ર સૃષ્ટીનાં સર્જનહારે, સમગ્ર જીવસૃષ્ટિમાં માનવમાત્રને, વિચારવાની અકલ્પનિય વિચાર શકતિ આપીછે તો સાથે, જીવનની હરપળે, હાર, જીત, વિજય, પરાજયનો અનુભવ કરવાની અગણ્ય તકો આપી છે. દરેક મનુષ્યને આ તબક્કામાથી પાસ થવું જરૂરી રહેછે.

હારની સામે જીતછે તો વિજયની સામે પરાજય !

હાર અને જીત, કસોટીના બે પલ્લુઓછે. પલ્લું નમાવનાર વિજેતા ! હાર- જીત તો વિશેષ કરીને ખેલકૂદની હરિફાઇ, ચૂંટણી પ્રક્રિયા તેમજ યુદ્ધ સમયે વિજેતા બનનારનું વિશેષ મહત્વ વધારી આપેછે, તો પરાજય પામનારનું મહત્વ કોડીનું કરી નાખેછે.

આજની આ ભૌતિકવાદ તરફની માનવદોટે, ધનની લાલસાએ દરેક ક્ષેત્રને અપવિત્ર અને અપ્રમાણિક બનાવ્યાછે, જે સશક્ત લોકશાહી માટે ઘણાજ ખરાબ પરિણામ લાવે છે.

સિધ્ધાંત રહિત માનવ આજે માન, મોભો, ધન-દોલત, અને સત્તાનાં નસામા, સત્યને નેવે મૂકી આગળ વધી રહ્યોછે.

હા, "કાળાં વાદળને સોનેરી કિનારી" જેમ આપણી ન્યાય પધ્ધતિ ઘણીજ ઊતમછે, તેથી હાઈકોર્ટ અને સુપ્રિમકોર્ટ સમયે સમયે ન્યાયી પધ્ધતિથી ન્યાયને ઉજાગર કરતી રહેછે, જે આપણું સૌભાગ્ય જ ગણાય. માનવજીવનમાં જે માનવી હાર કે જીત , વિજય કે પરાજય ને ખેલદીલી સાથે ખુશીથી જે પચાવી પાડેછે તેજ સાચો વિજેતા ગણાય !.

જયકાન્ત ઘેલાણી 'પ્યારે'.

---

## NOG SS NO : 0052

વિષય : હાર-જીત, વિજય-પરાજય
શીર્ષક : "વિજય"
પ્રકાર : ગદ્ય

"દરરોજ કહી કહીને થાકી આ સમજતો જ નથી ,બસ એની જ મનમાની કરે જાય છે ,મારી વાત હારે સહમતિ એની તો ન જ હોય.", ચહેરા પર જુઠ્ઠા હાસ્ય સાથે મમતા બહેનને તેમનાં પતિ સાથે વાતો કરી રહ્યાં હતાં. "અલા ઓય ચિન્ટુડીયા, કહું છું મારી વાત માન ,પિતાજીનો આટલો સરસ ધંધો ચાલે છે,બાપ-દાદાથી ચાલ્યો આવતો ધંધો બાજુ પર રાખી તું તારું નવુ કામ શોધે તે કેમ ચાલે દીકરા?" જરા તો વિચાર કર અને મમતા તું એને ટોક નહીં, નવી પેઢી છે ,નવું લોહી છે ,એ અત્યારે એની મનમાની નહીં કરે તો ક્યારે કરશે ? બેટા તને યોગ્ય લાગે તેમ કર.", હૃદય કઠણ રાખી પરેશ ભાઈ બોલ્યા.

"હા પપ્પા..", કહી ચિન્ટુ ઉર્ફે વિજય ચાલ્યો તેનાં નવા ધંધા પર.

પરેશભાઈનું કહ્યામાં ન રહેનારો વિજય હવે પુત્ર વચનો હતો, તેને વધુ કહેવું પરેશ ભાઈને ઉચિત નહોતું લાગતું, કેમ કે થોડાં વર્ષો પહેલાં આવો જ કિસ્સો તેમનાં નજીકનાં મિત્ર સાથે બની ચૂકેલો, છોકરાં પર પોતાનાં નિર્ણયો થોપી દેતા, આખરે છોકરો પિતાજીના જમાવેલ ધંધાને યોગ્ય ન્યાય ન આપતા, થોડો ઠપકો શું મળ્યો તેને લાગી આવ્યું અને છોકરો આગળ પાછળનો વિચાર કર્યા વિનાં, જીવાદોરી ટૂંકાવી બેઠો.

મમતાબહેન પરેશભાઈની અંદરની વ્યથા સમજતા હતાં. પતી સિવાય બીજું કોણ આ દર્દ સમજી જ શકે.

પરેશભાઈની તબિયત સારી ન હોવાનું બહાનું કાઢી મમતા બહેને વચ્ચેનો રસ્તો કાઢ્યો.

"દીકરા અત્યારે તો તારા પિતાજીની તબિયત સારી નથી ,અને ઉપરથી આ લીધેલા ઓર્ડરના રૂપિયા બિમારીમાં જશે? થોડાં સમય પૂરતો આ ધંધો તું જોઈ લે તો?"

વિજયે કચવાતા હા પાડી. બાપ દાદાનો વર્ષોથી ચાલી આવતા ધંધાને નજીકથી તેમજ લોકો સાથે પેઢીઓથી જે વ્યવહાર ચાલ્યો આવતો હતો. જે વિશ્વાસ, લોકો સાથે ઘરોબો કેળવાય ચૂક્યો હતો તે જોઈ વિજયને આશ્ચર્ય સાથે આનંદ થયો ,તેનું મન હવે આ ધંધા તરફ વળી ચૂકયું હતું. એક દિવસ વિજય મમતાબહેન અને પરેશભાઈને સામેથી કહેવા આવ્યો, "હવેથી પપ્પાને તમને આરામ, ધંધો હું સંભાળી લઈશ."

"પાકુને બેટા?", પરેશભાઈએ પોતાની ખુશી અંદર દબાવી ધીમાં અવાજે પૂછ્યું.

"હા પપ્પા, હા..."

સંજય તરબદા "સાંજ", વડોદરા

---

## NOG SS No. 0076

વિષય :- હાર-જીત
પ્રકાર :- ગદ્ય
શીર્ષક :- હાર કે જીત?

આમ તો દરેક જગ્યાએ કોઈ હારે તો સામે કોઈ જીતતું જ હોય છે, પણ પ્રાપ્તિને એ જ નથી સમજાયું કે જીત્યું કોણ?

પોતાને ભાઈ- બહેન કોઈ ન હોવામાં પણ એનો વાંક ગણીને નાનપણથી જ ઉપેક્ષાનો ભોગ બનતી આવી, અને આ ન કરેલા ગુનાની સજા રૂપે સરખું ભણી પણ ન શકી, અને આ ઓછું હોય એમ એની મરજી વિરુદ્ધ એના લગ્ન પણ કરાવી દેવામાં આવ્યા.

સૌ કહે છે લગ્ન બાદ એક નવા જીવનની શરૂઆત થાય છે, પોતાનું પણ જીવન હવે બદલાશે એવી આશામાં પ્રાપ્તિ પિયુ ઘરે આવી, પણ અહીં પણ આશા તો ઠગારી જ નીકળી, તેના પતિના આ લગ્ન તો સમાજનું ધ્યાન ભાભીનાં મોહપાશમાં સર્જાયેલી પાપલીલાને ઢાકવાનું માત્ર ષડયંત્ર હતું.

પિતૃગૃહે સતત ઉપેક્ષા અને ઓછા ભણતરનાં કારણો પ્રાપ્તિ માટે બીજે ન જવા માટે કે પ્રપંચનો ન સહેવાય કે ન રહેવાયની સ્થિતિમાં પડ્યું પાનું નિભાવવા માટે પૂરતા હતાં. લગ્નથી પ્રાપ્તિનાં દેહને મન ફાવે ત્યારે ભોગવી લેવાના ભોગવટાનાં હકનાં ફળ સ્વરુપે પ્રાપ્તિ પહેલાં દીકરા અને પછી દીકરીની માતા બની.

ભાઈ ભગવાને આપ્યો નહીં, પતિ પહેલેથી બીજાનો હતો, પણ હવે દીકરો છે ને...! એના સહારે જિંદગી જીવી જવાશે ની આશામાં પ્રાપ્તિ દિવસો પસાર કરવા લાગી. બેમાંથી એકેય બાળકની જવાબદારી પ્રાપ્તિનાં પતિએ લીધી નહીં અને સિલાઈકામ કરીને પ્રાપ્તિએ બંને બાળકોનો ઉછેર કર્યો, બંને બાળકોને માસ્ટર ડિગ્રી સુધી ભણાવ્યા.

દીકરો ૧૮/૨૦ વર્ષનો થયો ત્યાં સુધી બધું બરાબર ચાલ્યું, પણ પછી દીકરાના જીવનમાં એક યુવતીનો પ્રવેશ થયો, અને બધું બદલવા લાગ્યું, દીકરો હવે મા થી દૂર થઈ રહ્યો હતો.

૫/૬ વર્ષ મિત્રતામાં રહ્યા બાદ યુવતી સાથે લગ્નનાં બંધનમાં બંધાવાનું પણ નક્કી કર્યું જે બાબત સહર્ષ સ્વિકારવામાં પ્રાપ્તિને ક્યા ખબર હતી કે હજી ઘણી હાર બાકી છે. પણ પછી ન જાણે શું થયું કે દીકરો અને તેની મિત્ર જુદા થયાં, અને પેલી યુવતીએ જુદા થવાના કારણમાં પ્રાપ્તિનું નામ લીધું, જયારે હકીકતમાં પ્રાપ્તિ ક્યાં વચ્ચે હતી જ...!

જે છોકરી વહુ બનીને આવવાની હતી એની માફી માંગવાની , એને નમવાની દીકરાએ ફરજ પાડી, અને દીકરાની ખુશી માટે પ્રાપ્તિએ એ પણ કર્યું, જેના બદલામાં અસહ્ય કડવા વેણ અને અપમાન કોઈ જ વાંક વગર સહન કર્યા.

એ યુવતી તો પાછી ન આવી, અને બીજે પણ પ્રેમલગ્ન જ કર્યા, પણ દીકરો સમજી ન શક્યો કે બીજે પણ પ્રેમલગ્ન કર્યા તો પોતાની સાથે એનો સંબંધ શું હતો? દીકરો હવે પ્રાપ્તિથી દૂર થવા લાગ્યો, જે દીકરાના સહારે બાકીની જિંદગી ગુજરવાનું પ્રાપ્તિ સપનું જોતી હતી એ સ્વપ્ન સાવ તૂટી ગયું.

જિંદગીની આ રમતમાં પ્રાપ્તિ સતત હારી, એને એ જ નથી સમજાતું કે ખરેખર જીત કોની થઈ?

પારૂલ ઠક્કર "યાદ", ભાવનગર

---

## NOG SS No :0042

વિષય-હાર-જીત, વિજય-, પરાજય
વિભાગ-ગદ્ય
પ્રકાર-લઘુકથા
શીર્ષક-માતૃત્વની હાર

મનોજે ગામડે રહેતી માને ફોન કરતા કહ્યું,"મા, મારા દીકરાને ગામડાંની સંસ્કૃતિ વિશે પ્રોજેક્ટ કરવાનો છે, એટલે અમે કાલે ગામડે આવીશું." મોંઘીબાને તો જાણે સોનાનો સૂરજ ઊગ્યો. એતો બાજુમાં રહેતી જમનીની છોરીને બોલાવી તૈયારી કરવા લાગ્યા કારણકે ઉંમરનાં હિસાબે પોતે કેટલું કરી શકે!

પુત્રનો પરિવાર આવતાં મોંઘીબાને સાતે કોઠે જાણે દિવા થયાં. સુખનાં સોનેરી દિવસો તો ઝડપથી દોડતાં હરણની જેમ ઝડપથી પૂરાં થઈ ગયા! બે દિવસ પછી પાછું ઘર ખાલી! મનમાં દુ:ખ થતું પણ દેખાવા ન દેતાં.

સાંજે ખાટલો ઢાળી બધાં બેઠાં હતાં ત્યાં ગામનાં મુખી આવ્યા. રામ રામ કરી વાતો એ વળગ્યા,"તારા બાપને ગયે ઘણાં વર્ષો થયા. હવે મોંઘીબાને એકલા રાખવા હિતાવહ નથી. દિવસે બધાં ખબર રાખે પણ રાતનું કેમનું? હવે જા ત્યારે તારી હાયરે ઈને પણ લઈ જાજે."

મુખીબાપાની વાત ટાળવી મનોજ માટે શક્ય નહોતી. કચવાતા મને મોંઘીબાને શહેર તો લઈ આવ્યા પણ મુવી જોવા જવું, મોલમાં, રેસ્ટોરન્ટમાં જવું, એવા બધાં મોજશોખ બંધ થઈ ગયા, કારણકે શહેરની મોંઘવારીનાં રોદણાં રડ્યા હતાં હવે કેમ જવાય!

થોડાં મહિના પછી એક સવારે મોંઘીબા માળા કરતાં હતાં અને દીકરો-વહુ હિસાબ કરતાં હતાં,"શહેરમાં મોંઘવારી બહુ નડે, જો એક વ્યક્તિ પણ વધારે હોય તો ખર્ચ કાઢવો વસમો પડે હોં." "પેટે પાટા બાંધીને એકના એક દીકરાનો ઉછેર કર્યો ને એ દીકરો આજ આમ બોલે?" માળા કરતાં મોંઘીબાનાં હાથ આકાશ તરફ ઊઠ્યા ને અચાનક કડાકા-ભડાકા સાથે ધોધમાર વરસાદ વરસી પડ્યો.

પૂજા(અલકા)કાનાણી, મીઠાપુર

## NOG SS NO..0073

વિષય..માતૃ દિવસ નિમિત્તે,
શીર્ષક..મા
વિષય..ગદ્ય.

પોતાના બાળકો માટે મા છેલ્લી ઘડી સુધી ઝઝૂમે છે, ડોક્ટર હાર માની જાય ત્યારે એ ઈશ્વરને બોલાવે છે, એની દુવાની અસર તો જુવો ઉપરવાળો કોઈને કોઈ સ્વરૂપે નીચે આવે છે.
મા કયાં? હાર માને છે.
આજે સત્ય ઘટનાની વાત કરીશું.
મારા પતિને એક માસ અગાઉ એટેક આવ્યો એમનું એન્જોપ્લાસ્ટી કરવું પડ્યું એમને એક સ્ટેન્ટ મૂકવું પડ્યું.
એ વાતને એક માસ થયો ત્યાંજ મારા પતિને કોરોના થયો એમની તબિયત સારી હતી એટલે હોસ્પિટલ એડમિટ ના કરવા પડ્યાને ઘરેજ સારવાર કરી.
જેવી મારી મા ને ખબર પડી કે મારા પતિને કોરોના થયો છે ,એટલે એણે ભગવાનની પ્રાથના ચાલુ કરી ,દિવસમાં અડધો અડધો કલાકે ફોન કરે કેવું છે
પૂછવા એક દિવસ મારા પતિને વોમેટિંગ થઈ મેં વાત કરી કે એમને આજે વોમેટિંગ થઈ છે હું ડોક્ટર પાસે લઈ જાવ છું, બસ પછી તો પૂછવાનું શું?

એણે મને કહ્યું તું ચિંતા ના કરતી નરેશ કુમારને કાઈ નહીં થાય મેં બહુજ બધી બધા રાખી છે, કોઈના ઘરે મરણકે પ્રસંગે કોઈની ખબર જોવા નહીં જવાનું ગમતી ખાવાનીવસ્તુ છોડી દેવાની ને જયાં અમારા કુળદેવી છે ત્યાં પગે લાગવા જવાનું નરસિહ ભગવાનનો પાઠ કરાવાનો, આટલી બધી બાધા લીધા પછી પણ ઈશ્વર પાસે આજીજી તો ખરીજ ...
જ્યારે અગિયારમાં દિવસે મારા પતિનો રિપોર્ટ કોરોના નેગેટિવ આવ્યો ત્યારે એના જીવમાં જીવ આવ્યો, એની ભગવાન પ્રત્યેની આસ્થા વધુ મજબૂત બની .
મા એ મા જ હોય એના માટે તો પોતાના દીકરા દીકરીઓ સુખી તો પોતે સુખી એને જમાઈ કે વહુની ચિંતા એટલે થાય છે કે એના બાળકોની ખુશી એમની સાથે જોડાયેલી છે.
ઈશ્વરે પણ "મા "બનાવી પોતાનું સ્વરૂપ ધરતી પર આપી દીધું મને નહીં પૂજે તો ચાલશે મારા સ્વરૂપને પૂજજે સાચેજ ભગવાનનું સ્વરૂપ હોયછે મા.

નયના પટેલ, વડોદરા.

---

## NOG.SS.NO. 0060

માતૃદિવસ પ્રસંગે...
પ્રકારઃ ગદ્ય
શીર્ષકઃ ઋુણ સ્વીકાર.

મા વિશે જેટલું લખીએ તેટલું ઓછું. સાત સાગરની શાહી બનાવીને લખીએ તો પણ માતાનાં ગુણો, તેનાં ઉપકારો, તેનું ઋુણ ન ઉતારી શકીએ. 'ગીરા અનયન, નયન બીનું વાણી.'
મતલબ કે જે નયનો મા નું દર્શન કરે છે, માનાં ગુણોને જુએ છે તે નયનોને વાણી નથી એટલે તે વર્ણન કરવા અસમર્થ છે.
જે જિહ્વા માનાં ગુણોનું વર્ણન કરે તેની પાસે દ્રષ્ટિ નથી કે તે જોઈ શકે. માટે તે પણ માનાં ગુણોને વર્ણવી શકે તેમ નથી.
પ્રભુને પણ અવતાર લેવા માટે માતાનો સહારો લેવો પડે છે. રામ હોય કે કૃષ્ણ, ભગવાન પણ માતાનું માન અને મન જાળવતાં હોય છે. માનાં ચરણોમાં સ્વર્ગ રહેલું છે તે વાત જ માતા પ્રત્યેનો આદરભાવ વ્યક્ત કરે છે.
અંતે હું એટલું જ કહીશ...
મા
ન વર્ણવી શકે,
તને કોઈ જ ઉપમા.

ભગવતી પંચમતીયા. 'રોશની'

# "અક્ષય તૃતીયા"




અક્ષય એટલે જેનો કદી ક્ષય થતો નથી. સનાતન ધર્મ અને વેદમાં જણાવ્યા મુજબ યુગ ચાર છે. ૧.સતયુગ ૨. ધ્વાપરયુગ ૩.ત્રેતાયુગ. ૪. કલિયુગ. સતયુગનો મંગળ પ્રારંભ વૈશાખ શુક્લ ત્રીજ. એટલે કે અક્ષય તૃતીયા.નાં દિને થયો હતો. અક્ષય તૃતીયાનાં મંગળપર્વે ત્રેતાયુગમાં સ્વર્ગમાથી પૃથ્વી પર ગંગાનું અવતરણ થયું હતું. અક્ષય તૃતીયાનાં પવિત્રપર્વે મહર્ષિ વેદવ્યાસજી ભગવાન શ્રી ગણેશજીને કલમ આપીને " મહાભારત " નાં મહાકાવ્યને શબ્દોમાં ઉતારવાનો મંગળ પ્રારંભ કર્યો હતો. તેથી તે એક લાખ શ્લોકોનો અજર અમર ગ્રંથ બની રહ્યો. મહાભારતમાં વર્ણવેલ એક પ્રસંગ પ્રમાણે ભગવાન શ્રીકૃષ્ણએ પાંડવોને તેના વનવાસ દરમિયાન અક્ષયપાત્રની ભેટ આપી હતી.જેના લીધે તેઓએ તેમનાં કપરાકાળમાં અન્ન ભોજનની ખોટ પડી નાંહોતી. આજ મંગળ દિને ભગવાન શ્રી કૃષ્ણએ ધ્વારિકા નગરી ખાતે પોતાના બાલસખા શ્રી સુદામા પાસે થી અમૂલ્ય ભેટ મૂઠી પૌઆ નો હૃદય થી સ્વીકાર કર્યો હતો. અક્ષય તૃતીયા એ અન્ન અને ભોજનનાં દેવી માતા અન્નપૂર્ણા નો પ્રાગટ્ય દિન પણ ગણવામાં આવે છે. આ પવિત્ર દિવસે માતાજીનાં ભક્તો માતા અન્નપૂર્ણાના પૂજન અર્ચન બાદ બત્રીસ ભોગોનો સબરસ થાળ ધરાવવામાં આવે છે.અને પ્રાર્થના કરે છે કે હે માં અન્નપૂર્ણા, આપની કૃપા સદાય અમારી પર વરસતી રહે. અમારા પરિવાર તથા બાળકોને ક્યારેય અન્ન ભોજન વગર રહેવું નાં પડે.

ઉત્તરભારતની યાત્રાનાં ચાર ધામ સુપ્રસિધ્ધ છે. ૧.ગંગોત્રી ૨. યમુનોત્રી ૩. બદરીનાથ ૪. કેદારનાથ. તે પૈકી પવિત્ર તીર્થસ્થાન બદરીનાથજી નાં મંદિરના ધ્વાર આ અક્ષય તૃતીયાનાં પવિત્ર પર્વે ખોલવામાં આવે છે. અક્ષય તૃતીયા નાં પવિત્ર પર્વે વૈષ્ણવો ધ્વારા ઠાકોરજીને સુગંધિત કેશર ચંદન યુક્ત જળથી અભિષેક સ્નાન કરાવવામાં આવે છે. અને ઠાકોરજીની અનહદ કૃપા પ્રાપ્ત કરવા સવિશેષ પુણ્ય દાન પણ કરે છે. આ તિથિમાં સ્નાન, પૂજન, હોમ અને જપ અને બ્રાહ્મણ ભોજન કરવાથી કે કરાવવાથી અનંત ફળ મળે છે. આ દિવસે અન્ન જળનું દાન કરનાર ઉત્તમ લોકને પામે છે. અક્ષય સમૃધ્ધિ માટે મહાદેવી લક્ષ્મીજી નું પણ પૂજન, અર્ચન, શ્રીયંત્ર પર અભિષેક, અને જપ કરવામાં આવે છે.

" !! પધ્માસન સ્થિતે દેવી, પરા બ્રહ્મ સ્વરૂપીણી, પરમેશી જગન્માતાર મહાલક્ષ્મી નામોસ્તુતે !! "

અક્ષય તૃતીયાનું મહત્વ ભારતીય ગ્રામ સંસ્કૃતિ, કૃષિ સંસ્કૃતિ, લોકજીવનના સંદર્ભમાં ઘણું બધુ છે. કૃષિ સંસ્કૃતિ નાં સર્જક અને સંવર્ધક ખેડૂતો નાં નવા વર્ષનો આરંભ આ તિથિથી થાય છે. ખેડૂતો ગાડા અને બળદને નાડાછડીથી શણગારે છે. તેની પૂજા કરી ખેતરે લઈ જઈને ખેડનો એક ચાસ પાડીને નવાવર્ષાના ખેતીકામનો શુભારંભ કરે છે.

અક્ષય તૃતીયાનાં પાવનકારી દિને દાનપુણ્ય કરવાનો મોટો મહિમા છે. આ દિવસે સમય ને અનુરૂપ અનેક પુણ્ય કર્મો કરવાનું વિધાન છે. વૈશાખી બળબળતા તાપમાં અબોલ પશુ, પંખીઓ, વૃક્ષો અને વટેમાર્ગુઓ ની તરસ છિપાવવી.,પગરખાં, છત્રી, અનાજ, વગેરેનું દાન દરિદ્રનારાયણો અને ભિક્ષુકોને તેના જીવનનિર્વાહ માટે કરવામાં આવે છે. પિતૃઓને નિર્મળજળ અને સાત્વિકતલ અર્પણ કરી તર્પણ કરવામાં આવે છે. અખાત્રીજને વણજોયું મુહૂર્ત ગણવામાં આવે છે અને તે દિવસે શુભ લગ્ન વિવાહ, નવા ઉધ્યોગ ધંધાનો મંગળ પ્રારંભ, નવા ખરીદેલ ગૃહમાં પ્રવેશ જેવા મંગલકારી કર્યો કરવામાં આવે છે.

!! શુભમ ભવતુ !!

# નર્મદા જિલ્લામાં ૪૫ વર્ષથી વધુ વયના નાગરિકો માટે કોરોના વેક્સીનના શરૂ થયા ધાંધિયા!




રાજપીપલા, તા ૧૪

હાલ નર્મદા જિલ્લામાં ગુજરાત સરકારશ્રી દ્વારા કોરોના વેક્સીનેશન સંદર્ભે ૪૫ વર્ષથી વધુની વયજૂથના નાગરિકોને કોરોના વેક્સીનના બે ડોઝ વચ્ચેના સમયગાળા માટેની ગાઈડલાઈન રિવાઝ્ડ કરવાની કામગીરી હાથ ધરેલ હોઈ, રાજ્ય સરકારની સૂચના મુજબ તા. ૧૪,૧૫ અને ૧૬ મી મે, ૨૦૨૧ દરમિયાન ૩ દિવસ સુધી નર્મદા જિલ્લામાં કોરોના વેક્સીનેશનની તમામ કામગીરી મોકૂફ રાખવામાં આવી છે, જેની સંબંધકર્તા તમામને જાહેર નોંધ લેવા જણાવાયું છે.

જયોતિ જગતાપ, રાજપીપલા

### ફૂલ રૂા.૧૯,૨૦૦/-નામધ્યાહન ભોજન માટે રસોઈના વાસણોની ચોરી

# સાગબારા તાલુકાના નાની દેવરૂપણ નવવસાહત પ્રાથમિક શાળામા તસ્કરોનો તરખાટ

રાજપીપલા, તા ૧૪

સાગબારા તાલુકાના નાનીદેવરૂપણ નવવસાહત પ્રાથમિક શાળાના તાળા તોડી તસ્કરોએ તરખાટ મચાવ્યો છે. જેમાં કૂલ રૂા.૧૯,૨૦૦/-ના મધ્યાહન ભોજન માટે રસોઈના વાસણોની ચોરીની પોલીસ ફરિયાદ નોંધાતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે ફરિયાદી રાજુભાઇ રેવજીભાઇ વસાવા હાલ (રહે. ટાવલ, તા.સાગબારો, જીલ્લો નર્મદા મુળ રહે.ચીકદા,તા.ડેડીયાપાડા,જીલ્લો નર્મદા)એ ફરિયાદ નોંધાવી છે

ફરિયાદની વિગત અનુસાર કોઇ અજાણ્યો ચોર ઈસમ નાની દેવરૂપણ નવી વસાહત પ્રાથિમક શાળાના કુલ કમ્પાઉન્ડમાં પ્રવેશ કરી સ્કુલના રસોડા રૂમના બંધ મકાનના દરવાજાનુ તાળુ તોડી અંદર પ્રવેશ કરી મધ્યાહન ભોજન માટે ફાળવેલ રસોઈ બનાવવાના વાસણો કુલ રૂા.૧૯,૨૦૦/-ના માલસામાનની ચોરનાસી જતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જયોતિ જગતાપ, રાજપીપલા

**અક્ષય તૃતીયાના પાવન અવસરે રથયાત્રાની પ્રથમ પૂજન વિધિ-ચંદન પૂજા કરાવતા ગૃહ રાજ્યમંત્રીશ્રી પ્રદીપસિંહ જાડેજા**

# પ્રદીપસિંહ જાડેજાએ જગન્નાથ મંદિરના પ્રાંગણથી ઇસનપુર વોર્ડના વૃદ્ધ,અશક્ત અને દિવ્યાંગ જનોના નિઃશુલ્ક રસીકરણ માટે એમ્બ્યુલન્સ સેવાનો પ્રારંભ કરાવ્યો



## કોરોનાની પ્રવર્તમાન સ્થિતિ નો તાગ મેળવીને રથયાત્રા કાઢવા અંગેનો જનહિત લક્ષી નિર્ણય લેવામાં આવશે

કોરોના મહામારીમાં રસીકરણ અમોધ શસ્ત્ર સાબિત થઇ રહ્યું છે ત્યારે રાજ્યના ગૃહ રાજ્યમંત્રીશ્રી પ્રદીપસિંહ જાડેજાએ જગન્નાથ મંદિરના પ્રાંગણથી ઈસનપુર વોર્ડના વૃદ્ધ, દિવ્યાંગ,અશક્ત વ્યક્તિઓને વિનામૂલ્યે રસીકરણ કરાવવા માટે એમ્બ્યુલન્સ સેવાનો પ્રારંભ કરાવ્યો હતો .

ગૃહ રાજ્યમંત્રીશ્રી પ્રદીપસિંહ જાડેજાએ કહ્યું કે, ભગવાન જગન્નાથ સૌની શ્રદ્ધા અને આસ્થાના પ્રતીક છે.ત્યારે આજે ચંદન પૂજા કરીને રાજ્યના નાગરિકોની સ્વાસ્થ્ય અને સુરક્ષાની મનોકામના કરી છે.

આ પ્રસંગે ગૃહ રાજ્યમંત્રીશ્રી પ્રદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે , રથયાત્રાના ત્રણ તબક્કા હોય છે.જેમાંથી પ્રથમ તબક્કો એટલે ચંદન પૂજા બીજો જળ યાત્રા અને ત્રીજા તબક્કામાં ભગવાન જગન્નાથની રથયાત્રાનું આયોજન થાય છે.

૧૪૪ મી રથયાત્રાની પ્રથમ પૂજન વિધિ - ચંદન પૂજા કરી મંત્રીશ્રીએ જગન્નાથ મંદિરના મહંત શ્રી દિલીપદાસજીના આશીર્વાદ મેળવીને સમગ્ર દેશને કોરોના માંથી મુક્ત કરાવવા પ્રાર્થના કરી હતી.

આજરોજ જગન્નાથ મંદિરના મહંત શ્રી દિલીપદાસજી મહારાજ અને મંદિરના ટ્રસ્ટી શ્રી મહેન્દ્રભાઈ દ્વારા રથોની પૂજા કરવામાં આવી હતી. પૂજા કરીને રથોના સમારકામ માટેની મંજૂરી આપવામાં આવી છે..

ગત વર્ષે કોરોનાની ભયાવહ સ્થિતિના કારણે રથયાત્રા મોકૂફ રાખવામાં આવી હતી?. આ વર્ષે પણ કોરોનાની પ્રવર્તમાન સ્થિતિનો તાગ મેળવીને રથયાત્રા કાઢવા અંગેનો જનહિત લક્ષી નિર્ણય કરવામાં આવશે.

કોરોના રાજયવ્યાપી વ્યાપક સંક્રમણના કારણે તહેવારો, ઉત્સવોની ઉજવણી ટાળવા માટે ધાર્મિક આગેવાનોને વિનંતી કરી હતી.જેમનો સહયોગથી સંક્રમણને મહદંશે અટકાવવા સરકાર સફળ રહી છે તેમ ગૃહરાજ્ય મંત્રીએ જણાવ્યું હતું.

કોરોનાની પ્રવર્તમાન સ્થિતિમાં ઈસનપુરવોર્ડના વૃદ્ધ, અશક્ત અને દિવ્યાંગજનોને સરળતાથી નિશુલ્ક રસીકરણની ઉપલબ્ધતા કરાવવાના સેવાભાવ સાથે દેશના ગૃહ રાજયમંત્રીશ્રી અમિત શાહની પ્રેરણાથી ઈસનપુર વોર્ડના કાઉન્સિલર શ્રી ગૌતમ પટેના સહયોગ દ્વારા જગન્નાથ મંદિરના પ્રાંગણથી એમ્બ્યુલન્સ સેવાનો પ્રારંભ કરાવવામાં આવ્યો હતો . આ વેળાએ ગુજરાત પ્રદેશ મહામંત્રી શ્રી પ્રદીપસિંહ વાઘેલા, કર્ણાવતી મહાનગર પ્રમુખ અને ધારાસભ્ય શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, અમદાવાદ મેયર શ્રી કિરીટભાઈ પરમાર, ડેપ્યુટી મેયર શ્રી ગીતાબેન પટેલ, સહ કોષાધ્યક્ષ શ્રી ધર્મેન્દ્રભાઈ શાહ, દંડક શ્રી અરુણ રાજપુત સહિત શહેરના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.



થાનગઢ યુવા બ્રહ્મ સમાજ દ્વારા પરશુરામ ભગવાનની આરતી ઉતારીને બ્રહ્મ સમાજની વાડી દે ઉજવણી કરવામાં આવી હતી

## નર્મદાના લગ્ન લગ્ન સમારંભો ને કોરોના નું ગ્રહણ નડ્યું

# રાજપીપલામા પરશુરામ જયંતીની આરતી પૂજન સાથે ઉજવણી સાદગી પૂર્ણ રીતે ઉજવાઈ



રાજપીપલા, તા૧૪

આજે અક્ષય તૃતીયામા વણ જોયું મુહર્તમા શુભ કાર્યો કરવાનો દિવસ હોવા છતાં નર્મદામા કોરોનાના કારણે લગ્ન સમારંભો ફીકા પડ્યા હતા.નર્મદાના લગ્ન સમારંભોને કોરોના નું ગ્રહણ નડ્યું હતું.૫૦થી વધુ લોકોને ભેગા નહી કરવાના કારણે તેમજ વરઘોડા અને ડીજે, નાચગાન કાર્યકમો પર પ્રતિબંધ હોવાથી આજે અખાત્રીજના દિવસે લગ્નો સાદાઈથી યોજાયા હતા.

ભારતીય સંસ્કૃતિમાં અક્ષય તૃતીયાને બહુ શુભ દિવસ માનવામાં આવે છે. એવું કોઈ શુભ કાર્ય નથી જે આ દિવસે ના થઇ શકે.પણ

કાલે અક્ષય તૃતીયામા વણ જોયું મુહર્તમા શુભ કાર્યો કરવાનો દિવસ હોવા છતાં કોરોનાના કારણે લગ્ન સમારંભો ફીકા પડ્યા હતા.નવા શુભ કાર્યો પણ ખાસ થયા નહોતા.

આ વર્ષે ૧૫ વર્ષ પછી અક્ષય તૃતીયાએ સૂર્ય, ચંદ્ર, શુક્ર અને રાહુ ઉચ્ચ રાશિમાં પ્રવેશ કરવાનોહોઈ આ સંયોગ સ્વયંમાં દુર્લભ માનવામાં આવે છે. તેથી જ આ દિવસ આ વખતે વધારે લાભદાયી છે. તેથી જ આ દિવસ સોનુ ખરીદવા માટે શુભ મનાય છે.પણ કોરોનાનો માર અને મોંઘવારી ને કારણે સોની ખરીદીમા પણ ઓટ જોવા મળી હતી. સોની વેપારીઓને પણ આજના અખાત્રીજ ના દિવસે કોરોનાનું ગ્રહણ નડ્યું હોવાનું જણાવ્યું હતું.

આજે અક્ષય તૃતીયા-અખાત્રીજ,અને પરશુરામ જયંતીનો ઉપરાંત મુસ્લિમ ભાઈઓનો પવિત્ર રમજાન ઈદ હોવા છતાં કોરોના જાહેરનામા ને કારણે જાહેર કાર્યકમો તેમજ ધાર્મિક કાર્યકમોખાસ યોજાયા નહોતા.

આજે અખાત્રીજના દિવસે ધરતી પુત્રોએ આજે ખેતરોમાં જઈ ધરતીપૂજન અને ઓજારનું પૂજન કર્યું હતું.

જયારે આજે ભગવાન પરશુરામ જયંતીની ઉજવણી પણ રાજપીપલામા સાદગી પૂર્ણ રીતે ઉજવાઈ હતી. આજે વિઠ્ઠલનાથજી મન્દિરમા અત્યંત સાદગી પૂર્ણ રીતે ઉજવાઈ હતી જેમાં માત્ર ચાર પાંચ બ્રાહ્મણોની હાજરીમા આરતી પૂજન કરાયું હતું. તેમજ સાંજે સાત વાગ્યે દરેકે પોતાના ઘરે દિવા પ્રગટાવ્યા હતા.

તો બીજી તરફ આજે મુસ્લિમ બિરાદરોનો પવિત્ર રમજાન માસ બાદ આજે રમઝાન ઈદ હોવાથી મસ્જિદોમાં આજે કોરોના ના જાહેરનામાને કારણે જાહેરમા નમાઝ પઢવા પર પ્રતિબંધ હોવાથી મસ્જિદોમા માત્ર મૌલાવીઓ જ નમાઝ પઢી હતી. અને બાકીના મુસ્લિમ બિરાદરોએ ઘરે રહીને જ નમાઝ અદા કરી હતી.

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

# માણાવદરમાં દાતાઓના સહયોગથી ચાલતા કોવિંડ કેર સેન્ટરમાં ડો.યશ વાછણીની અનેરી સેવા



વર્તમાન સમયે આખા દેશને જયારે કોરોના યે પોતાના અજગર ભરડામાં ભીસ્યો છે અને રોજ મોતના આંકડામાં સતત વધારો થઈ રહ્યો છે સરકારની વહાલા દવલાની નીતિ ને કારણેને ઑક્સિજન પહોંચાડાતું નથી, દવાઓ , વેક્સિન પણ ખુટી રહ્યા છે. ઓક્સિજનના કાળા બજારો થઈ રહ્યા છેસરકારી વ્યવસ્થા પડી ભાંગી છે ત્યારે હવે લોકોના જીવ બચાવવા ઠેરઠેરથી દાતાઓ ઊભરી રહ્યા છે અને લોકોની જિંદગી બચે તે માટે પોતાની કમાણીમાંથી ઓક્સિજન પ્લાન્ટ તથા બેડ વ્યવસ્થા દાતાઓ તથા સેવાભાવી સંસ્થાઓ કરી રહી છે.જેના અંતર્ગત માણાવદરમાં પણ અમેરિકા સ્થિત દાતાના સહયોગથી પાંચ ઓક્સિજન મશીનો અને ૧૯ ઓક્સિજનના સિલિન્ડર કોવિંડ કેર સેન્ટરમાં આપવામાં આવ્યા છે

આ કોવિંડ કેર સેન્ટરમાં અન્નપૂર્ણા સેવા સમિતિ દ્વારા પીવાના પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે તથા જલારામ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દર્દીઓને વિનામૂલ્યે ફુલટાઈમ ભોજનની વ્યવસ્થા કરાઈ છે

નિતેશભાઈ પરમાર દ્વારા ઓક્સિજન સિલિન્ડર ને રીફલીગ કરવાની વ્યવસ્થા તથા દવા, ઈન્જેક્શન,જમવાનું પાણી તેમજ ઓક્સિજન સિલિન્ડર વ્યવસ્થા એમ અનેક પ્રકારની મફત સેવઓ આપી રહ્યા છે. વિજયભાઈ ફુલેત્રા દર્દીઓને જુનાગઢ રેફરલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવે તો વાહનની વ્યવસ્થા કરે છે. આ સિવાય શહેરની અન્ય સામાજીક સંસ્થાઓ દ્વારા દર્દીઓને ફળ - ફૂલ તથા જ્યુસ વગેરે આપે છે

હાલ કુલ દર્દીઓની સંખ્યા ૧૫ ની છે જેમાં ચાર ઓક્સિજન ઉપર છે તથા ચાર ઓક્સિજન કન્સન્ટેટર મશીન ઉપર છે.

માણાવદર કોવિંડ કેર સેન્ટર માં એમબીબીએસ ડોક્ટર યશ વાછાણી ૨૪ કલાક દર્દીઓની સેવામાં ખડે પગે રહે છે અને ૨૦-૨૦મિનિટના અંતરે દાખલ થયેલા દર્દીઓની તબિયત વિશે જાણકારી મેળવી રહ્યા છે આ એક નોંધનીય બાબત ગણાય

કોવિંડ કેર સેન્ટરની સ્ટાફની સેવાઓ પણ ઉમદા અને સંતોષજનક છે જેમાં મોક્ષીન પરમાર ,આરતીબેન મારૂ,મિલન ઝાલા, મિહિર વિરપરીયા, વગેરેની સેવા ઘરના સભ્યો દ્વારા થતી સેવા ની યાદ અપાવી રહી છે.

એક માસમાં દાખલ થયેલ દર્દીઓમાંથી ૪૦ દર્દીઓને કોરોના મુક્ત કરી રજા અપાય છે

તસવીર - અહેવાલ - જીગ્નેશ પટેલ માણાવદર

# અમદાવાદની સેવાભાવી સંસ્થાઓ દ્વારા સિવિલ હોસ્પિટલમાં કરાઇ દાનની સરવાણી

## સલામતી સિક્યુરિટી સંસ્થા દ્વારા હોસ્પિટલ સ્ટાફ માટે ઇકો ગાડીનું દાન કરાયું

કોરોનાની પ્રવર્તમાન સ્થિતિમાં સિવિલ હોસ્પિટલ સુપેરે કામગીરી કરી રહી છે. આ પરિસ્થિતિમાં સિવિલ હોસ્પિટલના કોરોના સેવાયજ્ઞમાં ઘણી સેવાભાવી સંસ્થાઓ જોડાઇને સિવિલ હોસ્પિટલના સ્ટાફ થી લઇ સારવાર અર્થે આવતા દર્દીઓના પરિવારજનોને મદદરૂપ બની છે.

કોરોના મહામારીમાં સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે આવતા દર્દીઓની સ્વાસ્થ્યની દરકાર કરીને હોસ્પિટલના તમામ હેલ્થકેર વર્કસ દિવસ રાત રાઉન્ડ ધ ક્લોક કામગીરી કરી રહ્યા છે.

તબીબો, નર્સિંગ, પેરામેડિકલ સ્ટાફની સાથે-સાથે સફાઇકર્મીઓ પણ આ કપરી પરિસ્થિતિમાં દાયિત્વ અદા કરી રહ્યાં છે. આ સેવાકર્મી સમા સફાઇ કર્મીઓના દાયિત્વને બિરદાવવા આજે અમદાવાદની સેવાભાવી સંસ્થા “જસ્ટ ૧૦૦” દ્વારા સિવિલ હોસ્પિટલના સેવાકર્મીઓના પરિવારો માટે રાશન કીટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. આ આરોગ્યકર્મીઓના પરિવારજનોને રાશનકીટ ઉપયોગી નીવડે તે હેતુસર આ સેવાભાવી સંસ્થા દ્વારા ઉમદુ કાર્ય કરવામાં આવ્યું છે.

આ કીટમા પાંચ કિલો ઘઉં, બે કિલો ચોખા, બે કિલો ખાંડ, એક લીટર તેલ, મગ દાળ નો સમાવેશ કરવામાં આવ્યો હતો.જે હોસ્પિટલ સેવાભાવી સફાઈકર્મી પરિવારજનોને જીવન જરૂરિયાતની આવશ્યકતા પૂરી પાડશે. સિવિલ હોસ્પિટલમાં વર્ષોથી સિક્યુરીટી સેવા આપી રહેલી સલામતી સિકયુરીટી સંસ્થા દ્વારા સિવિલ હોસ્પિટલ સ્ટાફ મિત્રોને હોસ્પિટલમાં અવર જવર માં અનુકુળતા અને સરળતા રહે તે માટે એક ઈકો વાનનું દાન કરવામાં આવ્યુ હતુ.

સિવિલ હોસ્પિટલ સુપ્રીન્ટેન્ડેન્ટ ડૉ. જે.વી.મોદી દ્વારા ઉક્ત બંને સેવાભાવી સંસ્થાના ઉમદા કાર્ય અને સમાજ પ્રત્યેના દાયિત્વને બિરાદાવીને તેમને આવકારવામા આવ્યા હતા.

## ચાલુ બસે ફોન પર વાત કરી મોટર સાઇકલ સાથે બસ અથાડી અકસ્માત કરતા બે ને ગંભીર ઇજા

રાજપીપલા, તા૧૪

સ્ટેચ્યુ ઓફ યુનીટીના બસ ડ્રાઇવરે ચાલુ બસે ફોન પર વાત કરી બેફિકરાઈથી બસ હંકરતા મોટર સાઇકલ સાથે બસ અથાડી અકસ્માત કરતા બે ને ગંભીર ઈજાથવા પામી છે. આ અંગે ની અકસ્માત ગુનાની ફરિયાદ કેવડિયા પોલીસ મથકે નોંધાઈ છે.

જેમાં ફરિયાદી ચંપકભાઇ કોયજીભાઇ તડવી (રહે-નવાગામ મંદિર ફળિયુ તા-ગરૂડેશ્વર જી-નર્મદા)એઆરોપી બસ નંબર જીજે ૨૨ યુ ૨૭૦૫ના ચાલકસામે ફરિયાદ કરી છે.

ફરિયાદની વિગત અનુસાઆરોપી સ્ટેચ્યુ ઓફ યુનીટીની બસ રજી.નંબર ય્ત્ન-૨૨-૨૭૦૫ ના ચાલકે પોતાના કબ્જા ભોગવટાની બસ મોબાઇલપર વાત કરતા કરતા પુર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી રહ્યા હતા ત્યારેફરીયાદીની મોટર સાઇકલ નંબર ય્ત્ન-૨૨-ત્ન-૩૬૭૯ ને પાછળથી ટક્કર મારી આગળના બોનેટ ના ભાગેથી મોટર સાઇકલ સહીત ફરીયાદીચંપકભાઇ કોયજીભાઇ તડવી (૨) કપિલાબેન તે ચંપકભાઇ કોયજીભાઇ તડવી (રહે. નવાગામ )ને રોડ પર ઘસડીને ફંગોળી દઈ અકસ્માત કરતા ફરીયાદીને બન્ને પગના ઘુંટણના ભાગે, બન્ને હાથની કોણીના ભાગે તેમજ કપાળના ભાગે ઇજાઓથવા પામી હતી.

જ્યોતિ જગતાપ, રાજપીપલા

# વાઈરલ વીડિયોમાં લવ યુ જિંદગી ગીત પર ઝુમતી ૩૦ વર્ષીય યુવતીનું સારવાર દરમિયાન મોત



૧૪, ૨૦૨૧

દેશભરમાં કોરોના વાયરસના ચેપને કારણે સ્થિતિ ખરાબ છે, પરંતુ આ દરમિયાન ઘણા પ્રેરણાદાયી વીડિયો સામે આવ્યો હતો. આ વીડિયો દિલ્હીની હોસ્પિટલમાંથી સામે આવ્યો હતો. અહીંના એક ડોક્ટરે ‘લવ યુ જિંદગી‘ ગીત પર કોવિડ સાથે લડતી એક યુવતીનો વીડિયો શેર કર્યો છે. લોકોએ યુવતીના આ વલણની ખૂબ પ્રશંસા કરી હતી. આ પ્રેરણા આપનાર યુવતી હવે આ દુનિયામાં નથી. ડોક્ટરે તે યુવતીના મોત અંગેની માહિતી શેર કરી છે.

ટ્વિટર પર ડોકટરે એક હોસ્પિટલના કોવિડ ઈમરજન્સી વોર્ડનો વીડિયો શેર કર્યો હતો. સાથે લખ્યું હતું કે આ ૩૦ વર્ષીય યુવતીને આઈસીયુમાં બેડ નથી મળી રહ્યો એટલે તેને એનઆઈવી પર રાખી રેમેડસિવિર અને પ્લાઝ્મા થેરાપી પણ આપવામાં આવી હતી. આ દૃઢ ઇચ્છાશક્તિવાળી છોકરીએ તેના મનોબળને વધારવા માટે મને સંગીત વગાડવાની પરવાનગી માંગી હતી. તેને પરવાનગી મળતા તેણે ફિલ્મ ડિયર જિંદગીનું ગીત ‘લવ યુ જિંદગી‘ ગીત સાંભળ્યું અને તેણે તેના પર નાચવાનું શરૂ કર્યું.

# વ્યાસપીઠ દ્વારા કોરોના પીડિતોની સહાય માટે નાણાકીય યોગદાન અપાયું



૧૪ મે, ૨૦૨૧

ભગવાન સોમનાથના સાનિધ્યમાં ચાલી રહેલી રામકથા માનસ વિનય પત્રિકાના પ્રારંભના દિવસે જ પૂજ્ય મોરારી બાપૂએ વ્યાસપીઠ તરફથી આ વિસ્તારના કોરોના પીડિતોની સહાયતા માટે રૂ. ૨૫ લાખ હનુમંત પ્રસાદીરૂપે અર્પણ કરવાની જાહેરાત કરી હતી. આજે પૂજય બાપૂએ સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી પી.કે.લહેરી સાહેબ સાથે થયેલી વાતચીત મુજબ મેનેજર શ્રી ચાવડા સાહેબને રૂ. ૨૫ લાખનો ચેક વ્યાસપીઠ ઉપરથી કથાના યજમાન શ્રી કિરિટભાઇ (રાધનપુર વાળા) દ્વારા ટ્રસ્ટને અર્પણ કરવામાં આવ્યો હતો.

આ રકમનો ઉપયોગ કોરોના પીડિતોની સહાય હેતુ - ક્યાં અને કેવી રીતે કરવો તેનો નિર્ણય ટ્રસ્ટ કરશે. ઉલ્લેખનીય છે કે આ પહેલાં રાજુલાની કથા દરમિયાન પૂજ્ય બાપૂએ રાજુલા, સાવરકુંડલા, મહુવા અને તલાલા તાલુકા માટે રૂ. ૨૫-૨૫ લાખ કોરોના પીડિતોની સહાયતા માટે અર્પણ કર્યા હતાં.

# ટોટાણા બ્રહ્મલીન સંતશ્રી સદારામ બાપુની દ્વિતીય વાર્ષિક પુણ્યતીથી નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પણ



બનાસકાંઠા જિલ્લા ના કાંકરેજ તાલુકાના ટોટાણા ધામના મહંત બ્રહ્મલીન સંતશ્રી સદારામ બાપુ ની દ્વિતીય વાર્ષિક પુણ્યતીથી નિમિત્તે સંતશ્રી સદારામ બાપુ ના ધામે શરણ શીશ ઝુકાવી ને શ્રદ્ધાંજલિ અર્પણ કરતા બનાસકાંઠા જિલ્લા પંચાયત ઉપપ્રમુખ અને ક્ષત્રિય ઠાકોર સમાજ કેળવણી મંડળ ના પ્રમુખ ભુપતજી એન ઠાકોર નેકારીયા વાળાએ ટોટાણા ધામે ૨૦ કિલ્લો દાળ ૨૦ કિલ્લો ચોખ્ખા અને ભુપતજી ના માતૃશ્રી સ્વઃ ઠાકોર અગરબેન નાગજીજી ની આજે પ્રથમ માસિક પુણ્ય તીથી નિમિત્તે પોતાના ગામમાં ૧૦૦ થી ૧૫૦ ગાયો ને લીલો ઘાસચારો નાખો અબોલ પશુઓ ને ઘાસ ચારો નાખી માનવતા નું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું ગરીબ પરિવારને કરીયાણા ની કિટ વિતરણ કરી.ગામમાં મૂંગા અબોલ પક્ષીઓ માટે ૩૦૦ થી વધારે કુંડાનું વિતરણ કર્યું હમેશાં તમારા હ્રદયમાં એક લીલુંછમ વૃક્ષ સાચવી રાખો કારણકે શું ખબર ક્યારે ચી...ચી... કરતી ચકલીઓનું ટોળું કલરવ કરતું આવી ચડે સંતશ્રી સદારામ બાપા ના ચરણોમાં કોટી કોટી નત મસ્તક વંદન કરુ છું

(રિપોર્ટરઃ- કનુજી ઠાકોર બનાસકાંઠા)


શ્રધ્ધાદીપ ડાયેગ્નોસ્ટીક્સ

કોરોનાના લીધે હૃદય પર થતી અસર અને આડઅસરના માટે

ફ્રી નિદાન કેમ્પ

(એપોઇન્ટમેન્ટ લેવી જરૂરી છે.)

DR. BONNY GAJJAR (MD, DM)
Consultant Interventional Cardiology
8980009499 | 9409583530

- હૃદયની તપાસ
- ECG
- ECHO
- TMT
- ડૉક્ટર કન્સલટેશન

પ્લોટ નં-૩૨૮, ૩૨૯, સેકટર-૧૬, ICICI બેંકની પાછળ, ગાંધીનગર.

Date : 16th May 2021, Sunday
Time : 9:00 am to 1:00 pm


Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.